અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ ફેબ્રુઆરી ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ આઠમ

વર્ષ : ૧૫
અંક : ૧૮૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ । ૭ નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવાશે

# રાજ્યનું શિક્ષણ-આરોગ્યલક્ષી ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું જંગી બજેટ

। ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આજે બજેટ રજુ કર્યું છે જેમાં એજ્યુકેશન અને હેલ્થ માટે ખાસ યોજનાઓ જાહેર કરવામાં આવી છે. સરકારે રાજ્યમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ સહિત કુલ ૭ નવી મ્યુનિસિપલ કોર્પોરેશનનો લક્ષ્ય રાખ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થીનીઓને ધોરણ ૯થી ૧૨ સુધી દર વર્ષે સહાય કરવામાં આવશે. કેન્દ્રિય બજેટ રજુ થયા પછી બીજા જ દિવસે આજે ગુજરાત રાજ્યનું બજેટ રજુ કરવામાં આવ્યું છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટું બજેટ રજુ કર્યું છે જેનું કદ ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડ રૂપિયાનું છે. આ વખતના બજેટમાં સરકારે શિક્ષણ અને આરોગ્ય પર ખાસ ફોકસ કર્યો છે. આ ઉપરાતં ગ્રીન એનર્જી અને સંલગ્ન ઉદ્યોગો માટે પણ ખાસ યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતમાં ઝડપ




થી શહેરીકરણ થઈ રહ્યું છે તેથી તેના પડકારને પહોંચી વળવા માટે નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર-વઢવાણને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવશે. નાણામંત્રીએ જણાવ્યું કે ગુજરાતની ૭ નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવવામાં આવશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ બજેટની જાહેરાતો કરતા કહ્યું કે ગુજરાતમાં ધોરણ ૯ અને ૧૦ની વિદ્યાર્થીનીઓને ભણવા માટે વાર્ષિક ૧૦,૦૦૦ રૂપિયાની સહાય કરવામાં આવશે. જ્યારે ધોરણ ૧૧ અને ૧૨ની વિદ્યાર્થીનીઓને વાર્ષિક ૧૫ હજાર રૂપિયાની સહાય કરવામાં આવશે. આ રીતે સ્ટુડન્ટ દીઠ ૨૫,૦૦૦ રૂપિયાની સહાય કરવામાં આવશે. આ યોજનાથી આગામી પાંચ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨ લાખથી વધીને ૫ લાખ થવાની ધારણા છે. આ યોજના માટે આવતા વર્ષે અંદાજે ૪૦૦ કરોડ રુપિયાનો ખર્ચ થશે તેમ નાણામંત્રીએ જણાવ્યું હતું. આ ઉપરાંત ૧૦ લાખ વિદ્યાર્થીઓ માટે નમો લક્ષ્મી યોજના શરૂ કરવામાં આવી છે જેના માટે ૧૨૫૦ કરોડ રૂપિયા ફાળવાયા છે. આ વખતના બજેટમાં નાણામંત્રીએ મહિલાઓ, યુવાનો અને ખેડૂતોને ફોકસમાં રાખ્યા છે. તેમણે બાળકીઓના આરોગ્ય, પોષણ અને શિક્ષણ માટે નમો લક્ષ્મી યોજનાની જાહેરાત કરી છે. આ ઉપરાંત રાજ્યમાં સાયન્સના ભણતરને પ્રોત્સાહન આપવા માટે નમો સરસ્વતી યોજના જાહેર કરી છે. તેમણે સુપોષિત ગુજરાત મિશનની નવી યોજના પણ જાહેર કરી છે. કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે રાજ્યના અલગ અલગ નિગમો માટે રાજ્ય સરકારના ફંડમાંથી ૨૫૦ કરોડ રુપિયાની જોગવાઈ કરાવમાં આવી છે. તેમાં આંબેડકર આવાસ યોજના અને પંડિત દિન દયાળ આવાસ યોજના માટે ૨૪૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતના બજેટ ૨૦૨૪માં જનરક્ષક યોજનાની જાહેરાત કરવામાં આવી છે. તે મુજબ હવેથી ૧૧૨ નંબર પરથી નંબરથી પોલીસ, ફાયર બ્રિગેડ તથા અન્ય ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ થશે.

### નાણામંત્રી દ્વારા રાજ્યનું બજેટ રજૂ કરાયું

## બજેટમાં શિક્ષણ વિભાગ માટે રૂપિયા ૫૫,૧૧૪ કરોડની જોગવાઈ કરાઈ

### ૧૫ હજાર શાળાઓમાં ૨ લાખ કોમ્પ્યુટર આપવામાં આવશે : ૧૬૨ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરાશે

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના બીજા દિવસે આજે નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે. આ બજેટમાં શિક્ષણ વિભાગ માટે રૂપિયા ૫૫,૧૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નાણાંમંત્રી જણાવ્યુ કે,'રાજ્યની પ્રાથમિક શાળાઓમાં નવા ૧૫ હજાર ઓરડાઓ તૈયાર થઈ રહ્યા છે. નવા ૪૫ હજાર સ્માર્ટ કલાસરૂમ બનાવવાનું કામ ચાલુ છે. ૧૫ હજાર શાળાઓમાં ૨ લાખ કોમ્પ્યુટર આપવામાં આવશે. ૧૬૨ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરાશે. વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા નમો સરસ્વતી યોજના માટે ૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ માટે ૩૦૦૦ કરોડ રુપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ધોરણ ૯ થી ૧૨ના એક લાખ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ સહાય માટે ૨૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.' નાણામંત્રી કનુભાઈ દેસાઈએ નમો લક્ષ્મી યોજનાની જાહેરાત કરી છે. જે અંતર્ગત ધોરણ ૯ અને ધોરણ ૧૦ના વિદ્યાર્થિનીઓને ૧૦ હજારની સહાય અપાશે. ધો. ૧૧ અને ૧૨ના વિદ્યાર્થિનીઓને ૧૫ હજારની સહાય અપાશે. ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા પર ૫૦ હજારની સહાય અપાશે. રાજ્યના ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને લાભ મળશે. પીએમ યશસ્વી શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૧૦ લાખ વિદ્યાર્થીઓ માટે ૫૦૪ કરોડ રુપિયાની જોગવાઈ કરવામાં આવી. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ૩૬૦ કરોડ, અનુસૂચિત જાતિના છાત્રાલયો અને આશ્રમશાળા ના એક લાખ વિદ્યાર્થીઓ માટે ૩૩૫ કરોડ, સરસ્વતી સાધના યોજના હેઠળ ૧.૫૦ લાખ કન્યાઓને વિનામૂલ્ય સાઈકલ આપવા ૮૪ કરોડ, બિન અનામત વર્ગો માટે શૈક્ષણિક ધિરાણ કરવા ૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી. શિક્ષણમાં રાજ્ય સરકારે નમો સરસ્વતી યોજનાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યુ કે એકવીસમી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. જેમાં જીવનના દરેક ક્ષેત્રમાં આઈ.ટી. અને સંલગ્ન તકનીકો મહત્ત્વનો ભાગ ભજવવાની છે. વધુમાં ઉચ્ચ કક્ષાની નવી રોજગારીની તકો માટે વિજ્ઞાન પ્રવાહ (સ્ટીમ)નું શિક્ષણ જરૂરી છે. વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન માટે આ યોજના અંતર્ગત, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને, ધોરણ-૧૧માં ૧૦ હજાર રુપિયા અને ધોરણ-૧૨ માં ૧૫ હજાર રુપિયા મળી કુલ ૨૫ હજાર રુપિયાની સહાય આપવામાં આવશે. આ યોજનાથી આગામી પાંચ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨ લાખથી વધી ૫ લાખ થવાની ધારણા છે. આ યોજના માટે આવતા વર્ષે અંદાજે ૪૦૦ કરોડ રુપિયાનો ખર્ચ થશે. પૂરક પોષણ યોજના અંતર્ગત ૩થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે ૮૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### બજેટમાં નાણામંત્રી દ્વારા મહત્વની જાહેરાત

## રાજ્યના ૭ શહેરોને મનપાનો દરજ્જો આપવામાં આવશે

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના બીજા દિવસે આજે નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે. સતત ત્રીજી વખત બજેટ રજૂ કરતા નાણામંત્રીએ બજેટમાં ૭ શહેરોને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત કરી છે. આ સાત નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા તેમજ સુરેન્દ્રનગર અને વઢવાણ સંયુક્તનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અનેક યોજનાની જાહેરાત કરી છે. આ વખતે બજેટમાં શહેરી વિકાસ, ગૃહ નિર્માણ માટે ૨૧૬૯૬ કરોડની જોગવાઈ કરી દેવાઈ છે. જ્યારે માર્ગ અને મકાન વિભાગ માટે ૨૨૧૬૩ કરોડની જોગવાઈ કરાઈ છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે પાંચ હજાર કરોડ અને બંદરો તથા વાહન વ્યવહાર વિભાગ માટે ૩૮૫૮ કરોડની જોગવાઈ કરાઈ છે. તેની સાથે જળસંપતિ વિભાગ માટે ૧૧૫૩૫ કરોડની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત નાણામંત્રીએ યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ માટે ૧૨૨ કરોડની જોગવાઈ કરી છે. જ્યારે પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામીણ વિકાસ માટે ૧૨૧૩૮ કરોડની જાહેરાત કરી હતી. બીજી બાજુ શહેરી વિકાસ, ગૃહ નિર્માણ માટે ૨૧૬૯૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નાણામંત્રીએ વિધાનસભામાં બજેટમાં આ વખતે ખેતી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૨૨૧૯૪ કરોડની જોગવાઈ કરી. ટ્રેક્ટર અને કૃષિ યાંત્રિકીકરણની ખરીદી સહાય માટે ૭૦૧ કરોડની જોગવાઈ. ખેતરને ફરતે કાટાળીવાડ, સોલાર ફેન્સિંગ માટે ૩૫૦ કરોડની જોગવાઈ તથા એગ્રો અને ફુડ પ્રોસેસિંગ એકમો માટે ૨૦૦ કરોડની જોગવાઈ કરી હતી. ખેડૂતોના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં વીમા સંરક્ષણ માટે ૮૧ કરોડની જોગવાઈ કરાઈ છે. શિક્ષણ ક્ષેત્રે રાજ્ય સરકારે નમો સરસ્વતી યોજનાની જાહેરાત કરતાં નાણામંત્રીએ કહ્યું કે ૨૧મી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે.




## ૮ વર્ષથી જૂના વાહનો સ્ક્રેપમાં મોકલાશે તો તમામ બાકી માફ

ગુજરાત રાજ્યનું બજેટ આજે નાણામંત્રી કનુ દેસાઈએ વિધાનસભામાં રજૂ કર્યું હતું. આ વખતનું બજેટ ગુજરાતનું સૌથી મોટું બજેટ હતું. જેમાં અનેક પ્રજાલક્ષી જાહેરાતો કરવામાં આવી હતી. ત્યારે એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવવાના ઉદ્દેશથી વ્હિકલ સ્ક્રેપિંગ નીતિની દેશવ્યાપી જાહેરાત કરવામાં આવી હતી. સ્ક્રેપિંગ નીતિનો મુખ્ય હેતુ વાહન પ્રદૂષણના કારણે પર્યાવરણને થતી હાનિ અટકાવી, વાહનોની ખામીના કારણે થતા માર્ગ અકસ્માતમાં ઘટાડો કરી લોકોને વધુ ફ્યુઅલ એફિસિયન્ટઅને પર્યાવરણની દૃષ્ટિએ લાભદાયી વાહનો ખરીદવા પ્રેરિત કરવાનો છે.

આ હેતુસર રીકરીંગ વેરો ચૂકવતા વાહન માલિકો પોતાના ૮ વર્ષથી જૂના વાહનો જો નોંધાયેલા વ્હિકલ સ્ક્રેપર્સ મારફતે સ્ક્રેપ થવા મોકલશે તો તેવા તમામ વાહનો પર બાકી મોટર વાહન વેરો, વ્યાજ, દંડ અને મોટર વ્હિકલ એક્ટ હેઠળના કોઈ ચલણ પડતર હોય તો તેની વસૂલવાપાત્ર માંડવાળ ફી સહિત તમામ જવાબદારી માફ કરવા એક વર્ષ માટે માફી યોજના લાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ નિર્ણય થકી અંદાજે ૫૨૦૦૦ વાહન માલિકોને રૂપિયા ૭૦૦ કરોડની રાહત થશે. તેઓ પણ આ વાહનને સ્ક્રેપ કરાવી તેની સામે અદ્યતન ટેકનોલોજીવાળા નવા વાહનો ખરીદવા પ્રેરિત થશે. જેના કારણે સરકારની કર આવકમાં પણ વધારો થશે.



**ન્યૂઝ બ્રિફ**

## વડોદરા કોર્પોરેશનની દબાણ શાખાની ટીમની લગામ : એક ટ્રક ભરી માલ જપ્ત

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા કોર્પોરેશનની દબાણ શાખાએ આજે આડેધડ રીતે ભરાતી શુક્રવારી બજાર પર લગામ લગાવી હતી અને નિર્ધારિત કરેલ જગ્યામાં જ અહીં પથારાવાળાઓને બેસવા દેવામાં આવ્યા હતા. ગળનાળા પોલીસ ચોકીથી રિમાન્ડ હોમ સુધી શુક્રવારી બજાર માટે જગ્યા નિર્ધારિત કરવામાં આવી છે. પરંતુ અહીં ખૂબ મોટી સંખ્યામાં પથારાવાળા આવી જતા હોય છે. તેમજ ભૂતડી ઝાંપા પેટ્રોલ પંપથી કારેલીબાગ પોલીસ સ્ટેશન સુધી પણ પથારા લગાવતા હોવાથી અહીં આવેલ બે શાળામાં અભ્યાસ કરતા બાળકોના જીવ માટે પણ જોખમરૂપ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. જેને ધ્યાનમાં લઈ તકેદારીના ભાગરૂપે આજે ગરનાળા પોલીસ ચોકીથી રિમાન્ડ હોમ સુધી નિર્ધારિત કરેલ જગ્યામાં પથારાવાળાઓને બેસવા દીધા હતા. જેથી કેટલીક જગ્યાએ પથારાવાળાઓ અને દબાણ શાખાના સ્ટાફ વચ્ચે જડભડ થઈ થવા પામી હતી. તેવી જ રીતે બીજી તરફ કોર્પોરેશને વાઘોડિયા રોડ વૃંદાવન ચાર રસ્તાથી હાઈવે સુધીના માર્ગ પર હંગામી દબાણ ઊભું કરનાર લારી, ગલ્લા, પથારાવાળાઓનો એક ટ્રક ભરી સામાન જપ્ત કર્યો હતો.

## મેંદરડાના રાજેસર ગામના સોની વેપારીને બંધક બનાવી લૂંટ કરી

। (એજન્સી) જૂનાગઢ, તા.૨ ।

છેલ્લા કેટલાંક સમયથી ગુજરાતમાં ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે જૂનાગઢ જિલ્લાના મેંદરડાના રાજેસર ગામના સોની વેપારીને તેમના ઘરે બંધક બનાવી છરીની અણીએ રૂ. ૮૧લાખ ૭૦ હજારની લૂંટ કરી આરોપીઓ ફરાર થયા હોવાના સમાચાર મળી રહ્યા છે. જૂનાગઢ જિલ્લાના મેંદરડાના રાજેસર ગામના વતની અને સોના ચાંદીનો વ્યવસાય કરતા જીતેન્દ્ર વ્રજલાલ લોઢીયા સાંજના પોતાના ઘરે ટીવી જોતા હતા. તે દરમ્યાન તેમના પરિચિત અને સોની કામનો વ્યવસાય કરતા દિપક અશોક જોગીયા આવેલ અને પરિચિત હોવાના નાતે બન્ને સાથે ચા પી વાતો કરતા હતા. તે દરમ્યાન જીતેન્દ્ર ભાઈ પાણી પીવા રસોડામાં ગયેલ ત્યારે દિપક જોગીયા અને બે અજાણ્યા શખ્સોએ હુમલો કરી છરીની અણીએ ૮ નંગ સોનાના બિસ્કિટ તેમજ ૨૧ કિલો ચાંદી અને ૯ લાખ રૂપિયા રોકડા મળી કુલ ૮૧ લાખ ૭૦ હજારની લૂંટ ચલાવી જીતેન્દ્રભાઈને ટુવાલ વડે બંધક બનાવી નાસી છૂટ્યા હતા. આ બનાવની મેંદરડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા અને બનાવની ગંભીરતાને ધ્યાને જિલ્લા પોલીસ વડા દ્વારા રાજ્યકક્ષાએ નાકાબંધી કરી તેમજ જિલ્લાની એલસીબી અને એસઓજી દ્વારા ટિમો બનાવી લૂંટ ચલાવનાર આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.



એએમસી દ્વારા ઈન્કમટેક્સ બ્રિજની સાઈડની દિવાલને પાણી સફાઈ કરવામાં આવી હતી.

### વડોદરા બોટ દુર્ઘટના બાદ સરકાર એક્શનમાં

## ડીઈઓએ સ્કૂલની માન્યતા રદ કરવા રાજ્ય વિભાગને કરી ભલામણ

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા બોટ દુર્ઘટના બાદ ડી.ઈ.ઓ કચેરી એક્શનમાં આવી છે. ન્યુ સનરાઈઝ સ્કુલની મંજૂરી રદ કરવા જિલ્લા શિક્ષણાધિકારીએ રાજ્ય શિક્ષણ વિભાગને ભલામણ કરી છે. રાજ્ય સરકારને સ્કૂલને રૂપિયા ૧૦,૦૦૦ દંડ કરવાની ભલામણ કરાઈ છે. જવાબદાર શિક્ષકો સામે કાર્યવાહી કરવા સ્કૂલના સંચાલકોને આદેશ આપ્યા છે. બેજવાબદાર ન્યુ સનરાઈઝ સ્કુલ પર હવે થશે કાર્યવાહી. સ્કૂલના કે.જી થી ધોરણ ૬નાં કુલ ૮૨ વિદ્યાર્થીઓ માટે ૧૮ જાન્યુઆરીએ હરણી લેકઝોન ખાતે પ્રવાસનું આયોજન કરાયું હતું. જ્યાં બોટ દુર્ઘટનામાં ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષિકાઓના દુ:ખદ મોત નિપજ્યા હતા. ગુજરાતમાં થયેલી ગોઝારી બૉટ કાંડની ઘટનાને લઈને હવે એક પછી એક રિપોર્ટ અને અપડેટ સામે આવી રહ્યાં છે. વડોદરાના હરણી તળાવમાં થયેલી બૉટ કાંડની ઘટનામાં ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષિકાઓના ડુબી જવાથી મોત થયા હતા, આ પછી તપાસના આદેશો અપાયા અને હવે આ મામલે એફએસએલની ટીમનો અને પોલીસનો રિપોર્ટ સામે આવ્યો છે. લેટેસ્ટ રિપોર્ટમાં સામે આવ્યુ છે કે, હરણી તળાવ કાંડમાં બૉટમાં વજન વધી ગયુ હતુ, જેના કારણે ટર્ન લેતી વખતે બૉટ પલટી મારી ગઈ હતી. નિયમ પ્રમાણે એક બૉટમાં એક ટન જેટલું વજન વહન કરી શકાય છે જ્યારે તે સમયે બૉટમાં દોઢ ટનથી વધુ વજન થઈ ગયુ હતુ, જેના કારણે આ ગોઝારી દૂર્ઘટના ઘટી હતી. છેલ્લા કેટલાય સમયથી ગુજરાતમાં ઘટેલી આ મોતના મંજરની ઘટનાને લઈને ચર્ચાઓ થઈ રહી છે, વડોદરાના હરણી તળાવમાં બૉટ પલટી ખાઈ જતાં પ્રવાસે ગયેલા ૧૨ વિદ્યાર્થીઓ સાથે ૨ શિક્ષિકાઓના પણ ડુબી જવાથી મોત થયા હતા. હવે આ હરણી લેક ઝૉન દૂર્ઘટના મામલે પોલીસ અને FSLની તપાસમાં મોટો ખુલાસો થયો છે. નવા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, હરણી તળાવમાં બૉટની ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડવામાં આવ્યા હતા, જેના કારણે જ આ દૂર્ઘટના સર્જાઈ હતી. એક ટન વજનની ક્ષમતા ધરાવતી બૉટમાં દોઢ ટન વજન થઈ ગયું હતું, નિયમ પ્રમાણે બૉટમાં આગળના ભાગમાં કોઈને બેસાડવાના હોતા નથી, ખરેખરમાં, જ્યાં કોઈને બેસાડી ના શકાય ત્યાં દસ વિદ્યાર્થીઓને બેસાડી દીધા હતા. આગળના ભાગે વિદ્યાર્થીઓ બેસાડ્યા હતા, જેથી ટર્ન લેતી વખતે બૉટ પલ્ટી ખાઈ ગઈ હતી.

### વધુ એક એજન્ટ ઝડપાયો

## ગુજરાતી કપલને ફેક મલેશિયન પાસપોર્ટ પર અમેરિકા મોકલવાનો કાંડ

। (એજન્સી) બોરીસણાતા.૨ ।

૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના દિવસે ગાંધીનગર જિલ્લાના બોરીસણા ગામના નિલેશ પટેલ અને તેની પત્ની મનિષા પટેલને અઝરબૈજાનથી ડિપોર્ટ કરીને દિલ્હી પરત મોકલવામાં આવ્યા હતા. આ ગુજરાતી કપલને અઝરબૈજાનથી તુર્કી પહોંચાડ્યાં બાદ તેને વાયા મેક્સિકો થઈ અમેરિકા મોકલવાનું હતું, પરંતુ બાકુ એરપોર્ટ પર તેમનો ખેલ પકડાઈ ગયો હતો, અને તેમને ઈન્ડિયા પાછા આવવું પડ્યું હતું. આ કપલ બાકુ એરપોર્ટ પર કઈ રીતે પકડાઈ ગયું તેની કહાની પણ કોઈનેય આશ્ચર્યમાં મૂકી દે તેવી હતી. નિલેશ અને મનિષા પાસેથી અઝરબૈઝાનના ઈમિગ્રેશન ઓફિસર્સને મલેશિયન પાસપોર્ટ મળ્યા હતા, જે ફેક હતા અને ડિપોર્ટ થઈને દિલ્હી આવેલા આ કપલ સામે FIR પણ નોંધાઈ હતી, જેમાં એવો ઉલ્લેખ કરાયો હતો કે નિલેશ અને મનિષા ૨૧ જુલાઈ ૨૦૨૨ના દિવસે તેમના ઈન્ડિયન પાસપોર્ટ પર લાગેલા ટુરિસ્ટ વિઝા પર દુબઈ ગયા હતા, દુબઈથી તેઓ વાયા મસ્કત થઈ બાકુ પહોંચ્યા હતા અને બાકુ એરપોર્ટ પર તેમણે મલેશિયન પાસપોર્ટ બતાવયા હતા.

### અમદાવાદનુ લઘુતમ તાપમાન ૧૮ ડીગ્રી નોંધાયુ છે

## ગુજરાત રાજ્યમાં ફેબ્રુ. માં ગરમી વધે તેવી શક્યતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાતમાં આજે ઠંડીનો અનુભવ ઓછો થઈ રહ્યો છે. ત્યારે શું ગુજરાતમાંથી ઠંડી ગાયબ થઈ જશે? આના જવાબમાં અમદાવાદ હવામાન કેન્દ્ર દ્વારા ગુજરાતના વાતાવરણ અંગે આગાહી કરવામાં આવી છે. નોંધનીય છે કે, રાજ્યના અમુક વિસ્તારમાં વાદળ છાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. વહેલી સવારે ધુમ્મભર્યુ વાતાવરણ જોવા મળે છે. અને વહેલી સવારે ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદ હવામાન કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિકના જણાવ્યા પ્રમાણે, આગામી ૫ દિવસ વાતાવારણ સુકુ રહેશે. રાજ્યમાં પશ્ચિમ ઉતર પશ્ચિમના પવન ફુકાઈ રહ્યો છે. આગામી ૫ દિવસ તાપ માન યથાવત રહેશે. જોકે પશ્ચિમ તરફના પવનો આવતા હોવાના કારણે વાદળ છાયુ વાતાવરણ રહેશે.

આ સાથે તેમણે જણાવ્યુ કે, વરસાદની કોઈ શક્યતા નથી. હવે તાપમાનમાં બહુ ફેરફાર જોવા નહી મળે. કારણ કે ફેબ્રુઆરીના બીજા સપ્તાહથી તાપમાનમાં પણ ધીમે ધીમે વધારો થશે. ગુરૂવારના તાપમાનની વાત કરીએ તો, અમદાવાદનુ લઘુતમ તાપમાન ૧૮ ડીગ્રી નોંધાયુ છે.

### પાલનપુર UGVCLની કચેરીમાં છટકાનું આયોજન કર્યુ હતું

## UGVCL ના અધિક્ષક ઇજનેર ૫૦૦૦૦ ની લાંચ લેતા ACBના છટકાંમાં ઝડપાયા

### અધિક્ષક ઇજનેરે પોતાની કચેરીમાં જ લાંચની રકમ સ્વિકારી હતી અને એસીબીએ છટકું ગોઠવીને તેઓને ઝડપી લીધા હતા

। (એજન્સી) પાલનપુર, તા.૨ ।

UGVCL ના અધિક્ષક ઈજનેર લાંચ લેતા ઝડપાયા છે. પાલનપુર સર્કલના અધિક્ષક ઈજનેરે કોન્ટ્રાક્ટર પાસેથી ૮૨ હજાર રુપિયાની લાંચ માંગી હતી. જેને લઈ ૫૦ હજાર રુપિયાની લાંચ લેતા જ ACB એ રંગે હાથ ઝડપી લઈને કાર્યવાહી કરી હતી. અધિક્ષક ઈજનેરે પોતાની કચેરીમાં જ લાંચની રકમ સ્વિકારી હતી અને એસીબીએ છટકું ગોઠવીને તેઓને ઝડપી લીધા હતા. UGVCL ના અધિક્ષક ઈજનેરને લાંચ લેતા ઝડપાયાના ઘટના સામે આવી છે. પાલનપુર વર્તુળ કચેરીના SE એટલે કે અધિક્ષક ઈજનેર સંજય રસિકલાલ પટેલે ટેન્ડર એપ્રુવ કરવાને લઈ ૮૨ હજાર રુપિયાની માંગણી કરી હતી. જેને લઈ કોન્ટ્રાક્ટરે એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ આ માટે છટકુ ગોઠવ્યુ હતું.મહેસાણા એસીબીએ કોન્ટ્રાક્ટરની ફરિયાદ આધારે પાલનપુર UGVCLની કચેરીમાં છટકાનું આયોજન કર્યુ હતું. જ્યાં ૮૨ હજારની રકમ સામે ૭૦ હજાર લાંચનું નક્કી કરવામાં આવ્યુ હતુ. જેમાંથી ૫૦ હજાર રુપિયાની હાલમાં સગવડ હોઈ એ મુજબ લાંચ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સંજય રસિકલાલ પટેલે પચાસ હજાર રુપિયાની રકમ હેતુલક્ષી વાતચીત કરીને સ્વિકારતા ઝડપી લેવામાં આવ્યા હતા. સંજય પટેલ નિવૃત્તિથી નજીક હતા અને ઈન્ચાર્જ તરીકે પદ સંભાળી રહ્યા હતા. જોકે આ દરમિયાન તેઓ એસીબીના છટકામાં ઝડપાઈ જવા પામ્યા હતા.

### ખેડાના કલેક્ટરને માહિતી વિભાગમાં ડાયરેક્ટર બનાવ્યા

## ગુજરાતના ૫૦ આઈએએસ અધિકારીઓની બદલી થઈ

### રાજ્યના મ્યુનિ. કમિશનર, ડે. મ્યુનિ. કમિશનર, જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની ટ્રાન્સફર કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે મોડી રાત્રે ૫૦ જેટલા આઈએએસ અધિકારીઓની બદલી કરી છે, જેમાં મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારે ટુરિઝમ કોર્પોરેશનના એમડી ડો. સૌરભ પારધી, મેડીકલ સ વસિઝ કોર્પોરેશનના એમડી ડો. નવનાથ ગવહને અને એડિશનલ ઈન્ડસ્ટ્રીઝ કમિશનર બીએમ પ્રજાપતિને પણ બદલવામાં આવ્યા છે. રાજ્ય સરકારે ગાંધીનગરના કલેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે, જ્યારે ફિશરીઝના ડાયરેક્ટર નીતિન સગવાનને જૂનાગઢના ડીડીઓ બનાવાયા છે. સરકારે ખેડાના કલેક્ટર કેએલ બચાણીને માહિતી વિભાગમાં ડાયરેક્ટર બનાવ્યા છે. વિરમગામના આસિસ્ટન્ટ કલેક્ટર કંચનને આરોગ્ય વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે મૂકવામાં આવ્યા છે. ભાવનગરના ડીડીઓ ડો. પ્રશાંત જલોવાને એડિશનલઈન્ડસ્ટ્રીઝ કમિશનર તરીકે નિમણૂક આપ વામાં આવી છે. વડોદરા કલેક્ટર એબી ગોરને મુખ્યમંત્રી કાર્યાલયમાં સ્પેશ્યલ ડ્યુટી સોંપવામાં આવી છે.


રાજ્ય સરકારે ૩૮ ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓની બદલીનો આદેશ કર્યો હતો. આ ઉપરાંત ૧૨ ગેસકેડરના અધિકારીઓને રેવન્યુ વિભાગમાં નિમણૂક આપવામાં આવી હતી. તેમજ રેવન્યુ વિભાગ દ્વારા ૨૯ મામલતદારની પણ બદલી કરવામાં આવી હતી.

**વિશેષ**

### ગુજરાતની ભૂમિ અનેક જળપ્લાવિત વિસ્તારો - વેટલેન્ડથી સમૃદ્ધ છે

## વિશ્વ વેટલેન્ડ દિવસઃ જળપ્લાવિત વિસ્તારો કુદરત તરફથી સમગ્ર જીવસૃષ્ટિને મળેલી અમૂલ્ય ભેટ





। આલેખન- હેમાલી ભટ્ટ (માહિતી) બોટાદ ।

બીજી ફેબ્રુઆરીના રોજ વિશ્વ વેટલેન્ડ દિવસ ઉજવવામાં આવે છે. જળપ્લાવિત વિસ્તારો જેવા કે નદી,સરોવરોના સંરક્ષણ અને જાળવણી અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુસર આ દિવસ ઉજવાય છે. ઈરાનમાં ૨ ફેબ્રુઆરી, ૧૯૭૧ના રોજ રામસર કન્વેન્સન ઓક વેટલેન્ડનું આયોજન થયું હતું ત્યારથી દર વર્ષે આ દિવસને વેટલેન્ડ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતમાં ગુજરાત જળપ્લાવિત પ્રદેશની દ્રષ્ટીએ સૌથી સમૃદ્ધ રાજ્ય છે. જળપ્લાવિત વિસ્તારો કુદરત તરફથી સમગ્ર જીવસૃષ્ટિને મળેલી અમૂલ્ય ભેટ છે. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા જળપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ-સંવર્ધન માટેના સંનિષ્ઠ પ્રયાસોના કારણે રાજ્યમાં ૪ રામસર સાઈટ્સ સહિત યાયાવર પક્ષીઓના સ્વર્ગ સમાન પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા અનેક સમૃદ્ધ જળપ્લાવિત વિસ્તારોનો વિકાસ થયો છે. ગુજરાતની ભૂમિ અનેક જળપ્લાવિત વિસ્તારો - વેટલેન્ડથી સમૃદ્ધ છે. દુનિયાભરથી હજારો યાયાવર પક્ષીઓ દર વર્ષે આ વિસ્તારોને પોતાનું આશ્રયસ્થાન બનાવે છે. એક આખી વૈવિધ્ય પૂર્ણ જૈવસૃષ્ટિ તેની પર નભે છે. લોકોને પ્રશ્ન થાય કે આ વેટલેન્ડ એટલે શું ? સામાન્ય ભાષામાં કહીએ તો વર્ષનાં અમુક ચોક્કસ સમયગાળા દરમ્યાન કે બારેમાસ પાણીથી ભરેલો રહેતો એવો વિસ્તાર કે જેનું પોતાનું આગવું પરિસરતંત્ર(ઈકોલોજી) વિકાસ પામ્યું હોય તેને વેટલેન્ડ (જલપ્લાવિત વિસ્તાર) કહે છે. વેટલેન્ડ વિવિધ પ્રકારનાં જીવો માટે એક આદર્શ રહેઠાણ છે. સુક્ષ્મ જીવાતોથી લઈને છોડવાઓ, ઉભયજીવીઓ, રેપ્ટાઈલ્સ, માછલીઓ, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ માટે જરૂરી પર્યાવરણ પૂરુ પાડે છે. અને જીવો જીવસ્ય ભોજનમ સ્વરૂપે તેમની આહારશ્રુંખલા જળવાયેલી રહે છે. નાગરિકો પોતાની આસપાસના પર્યાવરણ, સજીવસૃષ્ટિ અને પાણીનાં સ્ત્રોતો જેવા વિષયમાં રસ લેતા થાય તો પૃથ્વી માતાનાં જતનની આપણી જવાબદારી નિભાવવા સાથે આવનારી પેઢીઓને પણ સુંદર વિશ્વની ભેટ આપણે આપી શકીએ. ત્યારે આવો, આજના વેટલેન્ડ દિવસના અવસરે પ્રકૃતિ અને પર્યાવરણની આ વિશિષ્ટ ઈકોસિસ્ટમના મહત્વ બાબતે જાગૃત થઈએ તથા તેની જાળવણી માટે પ્રતિબદ્ધ બનીએ.





ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ હરિયાણાના સૂરજકુંડ ખાતે ૩૭માં સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળાના ઉદ્ઘાટને પહોંચ્યા હતાં.

### પેટીએમની મુશ્કેલીનો અંત જણાતો નથી

# સેન્સેક્સ-નિફ્ટીમાં સારો ઉછાળો, બીપીસીએલમાં ૧૦%નો વધારો

## સેન્સેક્સ ૪૪૦ પોઈન્ટના વધારા સાથે અને ૭૨૦૮૫ પોઈન્ટના સ્તરે બંધઃ નિફ્ટીમાં ૧૫૭ પોઈન્ટનો વધારો

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

શેરબજારનો કારોબાર શુક્રવારે ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૪૪૦ પોઈન્ટના વધારા સાથે ૭૨૦૮૫ પોઈન્ટના સ્તરે બંધ થયો છે, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી લગભગ ૧૫૭ પોઈન્ટના વધારા સાથે ૨૧૮૫૪ પોઈન્ટના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. શુક્રવારે શેરબજારના ટ્રેડિંગ દરમિયાન, BPCLના શેરમાં ૧૦ ટકાનો ઉછાળો નોંધાયો હતો અને તે રૂ. ૫૫૮ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે પાવર ગ્રીડ, ONGC અને અદાણી પોર્ટ્સના શેરમાં પણ સારો ઉછાળો નોંધાયો હતો. બેંકિંગ શેરો મુખ્યત્વે નબળાઈ દર્શાવનારા શેરોમાં હતા અને નિફ્ટી બેંક ઈન્ડેક્સ પણ અડધા ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો.

શુક્રવારે શેરબજારના કામકાજમાં ઉછાળો જોવા મળ્યો હતો અને BSE સેન્સેક્સ અને NSC નિફ્ટી વધીને બંધ થયા હતા. નિફ્ટી બેંક ઈન્ડેક્સ સિવાય અન્ય તમામ ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થવામાં સફળ રહ્યા હતા. નિફ્ટી એફએમસીજી, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ સાથે નિફ્ટી બેંક ઈન્ડેક્સ



નબળાઈ પર બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી, નિફ્ટી ઓટો અને નિફ્ટી ફાર્મામાં વધારો નોંધાયો હતો. શેરબજારમાં સક્રિય શેર્સની વાત કરીએ તો શેરબજારમાં આઈશર મોટર્સ, એક્સિસ બેંક, એચડીએફસી લાઈફ, એચડીએફસી બેંક, એચયુએલ, લાર્સન એન્ડ ટુબ્રો અને આઈટીસીના શેરમાં નબળાઈ જોવા મળી હતી, જ્યારે બીપીસીએલ, પાવર ગ્રીડ, ઓએનજીસી, અદાણીના શેરમાં નબળાઈ જોવા મળી હતી. પોર્ટ્સ, એનટીપીસી, ટાટા કન્ઝ્યુમર અને ટીસીએસના શેરમાં વધારો નોંધાયો હતો. અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી સાતના શેર નબળાઈ પર બંધ થયા હતા.

# રેલ દુર્ઘટના સ્થળની વર્ષ બાદની બાઈડનની મુલાકાત રાજકીયઃ ટ્રમ્પ

## મધ્ય-પૂર્વ ભડકે બળે છે ત્યારે ઓહાયો સ્થિત ઇસ્ટ પેલેસ્ટાઇનની મુલાકાતે નીકળ્યા છેઃ યુએસના પૂર્વ પ્રમુખ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

ઓહાયો રાજ્યમાં આવેલા 'ઈસ્ટ પેલેસ્ટાઈન'માં બનેલી ભયંકર રેલ્વે દુર્ઘટના પછી પ્રમુખ જો બાયડેને એક વર્ષ બાદ લીધેલી મુલાકાતની ઉગ્ર ટીકા કરતા તેમના પ્રતિસ્પર્ધી રીપબ્લિકન પાર્ટીના અગ્રણી ડોનાલ્ડ ટ્રમ્પે બાયડેન ઉપર ઉગ્ર પ્રહારો કરતા કહ્યું હતું કે, તે દુર્ઘટના પછી છેક એક વર્ષે તેમણે તે સ્થળની લીધેલી મુલાકાતનો હેતુ (જનતાને સહાયભૂત થવાનો નહીં) પરંતુ માત્ર અને માત્ર રાજકીય જ હતો. એ દુર્ઘટના પછી એક વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૪માં બાયડેને તે સ્થળની મુલાકાત લેવાના છે



આ અંગે ટ્રમ્પે કહ્યું : 'એક તરફ આપણી આસપાસની દુનિયા ફાટી રહી છે.

મધ્ય અને પૂર્વ ભડકે બળે છે ત્યારે ઓહાયો સ્થિત ઈસ્ટ પેલેસ્ટાઈનની મુલાકાતે જવા નીકળ્યા છે તેનો હેતુ માત્ર જેટલો મળે તેટલો રાજકીય યશ લેવાનો જ છે પરંતુ તેઓ જે કૈં કરે છે તે છેવટે વિનાશક જ બની રહે છે.'

આ સાથે ટ્રમ્પે બાયડેને લીધેલી તે મુલાકાતની સમય ઉચિતતા અંગે પણ પ્રશ્નાર્થો ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પૂર્વે અમેરિકાના ઈસ્ટ પેલેસ્ટાઈનમાં એક રેલવે દુર્ઘટના બની હતી કે તુર્ત જ ડોનાલ્ડ ટ્રમ્પે તે વિસ્તારની મુલાકાતે ગયા હતા, સહાય કરી હતી. જ્યારે અમેરિકાની સરકારે (ફેડરલ ગવર્નમેન્ટ) કરેલી સહાયને મર્યાદિતગણાવતા તેને જનસામાન્ય સાથે દગાખોરી કરી હતી. બાયડેને તે સ્થળની સંભવિત મુલાકાતની ઉગ્ર ટીકા કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, હું તે મહાન લોકોને ઓળખું છું.

તે ઘટના પછી સહાયકાર્ય શરૂ થયેલું ત્યારે હું ત્યાં જ હતો (હવે બાયડેન જશે ત્યારે તેઓને ત્યાંના લોકો ભાવપૂર્વક આવકારશે જ નહીં. તે દુર્ઘટના બની ત્યારે બાયડેન કીવ (યુક્રેન)ની ગયા તેથી પણ ઘણા ગુસ્સે થયા છે જ્યારે પત્રકારોએ બાયડેનને ઈસ્ટ પેલેસ્ટાનની પહેલી મુલાકાત તમે શા માટે ન લીધી તેવું પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ તેમની અન્ય વ્યસ્તતાનું કારણ દર્શાવ્યું હતું જેની અમેરિકામાં અત્યંત ટીકા થઈ હતી.

### દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા ભાગોમાં વરસાદ પડ્યો છે

# વરસાદ અને હિમવર્ષા ભુક્કા બોલાવી દેશે, ધુમ્મસથી મુશ્કેલી પડી શકે

## હવામાન વિભાગે કહ્યું કે આગામી દિવસોમાં દેશના ઉત્તર અને પશ્ચિમ ભાગોમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા ભાગોમાં વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદની આગાહી કરી છે. IMD અનુસાર, ૨-૩ ફેબ્રુઆરીએ સવારે પંજાબ, હરિયાણા-ચંદીગઢના કેટલાક ભાગોમાં ખૂબ ગાઢ ધુમ્મસની સંભાવના છે. ૨ ફેબ્રુઆરીની સવારે ઉત્તર પ્રદેશના જુદા જુદા ભાગોમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસની સંભાવના છે. પશ્ચિમ રાજસ્થાનમાં ૩ ફેબ્રુઆરીએ અને પૂર્વી રાજસ્થાનમાં ૪ ફેબ્રુઆરીએ હળવા કરા પડવાની શક્યતા છે. ૨ ફેબ્રુઆરીએ અરુણાચલ પ્રદેશમાં કેટલાક સ્થળોએ વરસાદ અથવા હિમવર્ષા થવાની સંભાવના છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં એક-બે સ્થળોએ ૩ ફેબ્રુઆરીથી ૫ ફેબ્રુઆરી દરમિયાન સારો વરસાદ થઈ શકે છે.

# ઓન-લાઇન સેફ્ટી બિલનો શ્રીલંકાના વિપક્ષોનો વિરોધ

## અભિવ્યક્તિની આઝાદી પર બંધન આવવાનો આક્ષેપ

। (એજન્સી) કોલંબો, તા.૨ ।

શ્રીલંકાની સંસદમાં વિવાદાસ્પદ બની રહેલું, 'ઓન-લાઈન સેફ્ટી બિલ' પસાર થઈ ગયું છે. આ વિધેયકનો વિપક્ષોએ ઉગ્ર વિરોધ કરતાં જણાવ્યું હતું કે, તેથી અભિવ્યક્તિની આઝાદી પર બંધન આવશે.

આ અંગે શ્રીલંકાની સંસદની સંચાર વિભાગની ઓફિસે જણાવ્યું હતું કે અધ્યક્ષ મહીંદા થમા અબેથીવર્ધનેએ તે વિધેયક ઉપર પોતાના હસ્તાક્ષર કરી વિધેયકને પ્રમાણિત કર્યું હતું. આ પૂર્વે આ વિધેયક પસાર ન કરવા દેશમાં અને વિદેશમાંથી પણ અધ્યક્ષ ઉપર દબાણ થઈ રહ્યું હતું છતાં તે વિધેયક પસાર થઈ ગયું છે, અધ્યક્ષે જ તેની ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ નવું વિધેયક 'ઓન-લાઈન સેફ્ટી કમિશન'ને તેણે સ્થાપેલા નિયમોનો ભંગ કરવા બદલ સજા કરવાની પણ સત્તા આપે છે. તે પ્રમાણે જો તે નિયમોનો ભંગ કરનાર કસૂરવાર ઠરે તો તેને પાંચ લાખ શ્રીલંકન રૂપિયા સુધીનો દંડ અને પાંચ વર્ષ સુધીની જેલની સજા કરવાની સત્તા આપે છે. સહજ છે કે, આથી આ વિધેયક કાયદો બને તે સામે દેશમાં અને વિદેશમાં વિરોધ થાય જ. કારણ કે તે અભિવ્યકિતની આઝાદી પર બંધન મુકે છે.

વિપક્ષોએ આ વિધેયકનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, આથી વિદેશી મૂડીરોકાણોમાં પણ અવરોધ આવશે. આ સાથે તેઓએ કહ્યું હતું કે, તેઓ સત્તા પર આવશે ત્યારે તે કાનૂન દૂર કરવામાં આવશે.

### રશિયા અને યુક્રેન યુદ્ધને બે વર્ષ કરતા વધારે સમય થયો

# બ્લેક સીમાં રશિયા નૌસેનાના યુદ્ધ જહાજ પર યુક્રેનનો ડ્રોન હુમલો

## યુક્રેને કહ્યુ કે, કોર્વેટ પ્રકારના રશિયન યુદ્ધ જહાજને જળ સમાધિ આપવા માટે અમારી સેનાએ લડાકુ ડ્રોનનો ઉપયોગ કર્યો હતો

। (એજન્સી) કીવ, તા.૨ ।

રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધને બે વર્ષ કરતા વધારે સમય થઈ ગયો છે પણ આ યુધ્ધનો અંત નજીક દેખાઈ રહ્યો નથી. નાટો સંગઠનમાં સામેલ દેશોની સહાયતાના કારણે યુક્રેનની સેના રશિયા સામે ઝીંક ઝીલી રહી છે અને હવે યુક્રેને રશિયાને મોટો ફટકો માર્યો છે. મળતા અહેવાલો પ્રમાણે બ્લેક સીમાં રશિયાની નૌસેનાના એક યુધ્ધ જહાજને યુક્રેને ડ્રોન હુમલો કરીને ડુબાડી દીધુ છે. યુક્રેને કહ્યુ હતુ કે, કોર્વેટ પ્રકારના રશિયન યુધ્ધ જહાજને જળસમાધિ આપવા માટે અમારી સેનાએ લડાકુ ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. પોતાના દાવાને સાબિત કરવા માટે યુક્રેન દ્વારા એક વિડિયો પણ રિલિઝ કરાયો છે. જેમાં યુક્રેનના ડ્રોન દ્વારા બ્લેક સીમાં તૈનાત એક વિશાળ યુધ્ધ જહાજ પર હુમલો થતો જોઈ શકાય છે. આ હુમલો રાતના સમયે કરવામાં આવ્યો હતો. ફૂટેજમાં જોઈ શકાય છે કે, ડ્રોન ટકરાતાની સાથે જ જહાજ પર વિસ્ફોટ થઈ રહ્યા છે. યુક્રેન અને રશિયા વચ્ચેના યુધ્ધના બે વર્ષ પૂરા થયા છે.

### દરરોજ ૨ વખત ખાલી કરવી પડે છે દાનપેટી

# રામલલાની દરરોજ ૨ વખત ખાલી કરવી પડે છે દાનપેટી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને હવે ૧૧ દિવસ થઈ ગયા છે. અભિષેક સમારોહથી અત્યાર સુધીમાં લગભગ ૨૫ લાખ ભક્તોએ રામજન્મભૂમિની મુલાકાત લીધી છે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે જણાવ્યું કે છેલ્લા ૧૦ દિવસમાં લગભગ ૮ કરોડ રૂપિયા દાન પેટીઓમાં જમા થયા છે અને લગભગ ૩.૫૦ કરોડ રૂપિયા ઓનલાઈન પ્રાપ્ત થયા છે. આમાં પ્રસાદ અને દાનના પૈસા પણ સામેલ છે. ટ્રસ્ટના કાર્યાલયના પ્રભારી પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે ભગવાન જ્યાં નિવાસ કરે છે તે ગર્ભગૃહની સામે દર્શન માર્ગ પાસે ચાર મોટા કદની દાનપેટીઓ રાખવામાં આવી છે, જેમાં ભક્તો દાન કરી રહ્યા છે. આ ઉપરાંત ૧૦ કોમ્પ્યુટરાઈઝડ કાઉન્ટર પર પણ લોકો દાન આપી રહ્યા છે. રામલલાના દર્શન માટે ભક્તો માટે માર્ગ પર બિજોલિયા પથ્થરો સ્થાપિત કરવામાં આવ્યા છે. નિષ્ણાતોએ દાવો કર્યો છે કે દરેક સિઝનમાં લગભગ ૫ લાખ ચોરસ ફૂટમાં બિજોલિયા પથ્થરો પર શ્રદ્ધાળુઓ આરામથી ચાલી શકશે. આ વિસ્તાર પરિક્રમા ક્ષેત્ર અને કુબેર ટીલાને આવરી લેશે. સ્ટોન એક્સપર્ટ દીક્ષા જૈને જણાવ્યું કે, 'રાજસ્થાનનો આ બિજોલિયા પથ્થર તેની ગુણવત્તામાં ખૂબ જ ખાસ છે, કારણ કે તે ન તો ઉનાળામાં ખૂબ ગરમ થાય છે અને ન તો શિયાળામાં ખૂબ ઠંડો. આ પથ્થર લગભગ ૧,૦૦૦ વર્ષ સુધી બગડતો નથી, જ્યારે તેની પાણીને શોષવાની ક્ષમતા અન્ય પત્થરો કરતાં વધુ છે. મંદિર ટ્રસ્ટના કર્મચારીઓની નિમણૂક તમામ ડોનેશન કાઉન્ટરો પર કરવામાં આવે છે, જેઓ સાંજે કાઉન્ટર બંધ થયા બાદ ટ્રસ્ટ ઓફિસમાં મળેલી દાનની રકમનો હિસાબ જમા કરાવે છે. ૧૧ બેંક કર્મચારીઓ અને ત્રણ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓ સહિત ૧૪ કર્મચારીઓની ટીમ ચાર દાન પેટીઓમાં પ્રસાદની ગણતરી કરી રહી છે.

# અમેરિકા જવું હવે મોંઘુ થશે, યુએસ સરકારે VISAની ફીમાં કર્યો વધારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

અમેરિકાએ વિઝા ફી વધારવાને લઈને મોટો નિર્ણય લીધો છે. યુએસ સરકારે H-1B, L-1 અને EB-5 જેવા નોન-ઈમિગ્રન્ટ વિઝા માટેની ફીમાં વધારો કર્યો છે. આ તમામ કેટેગરીમાં સૌથી વધુ વિઝા ભારતીયોને આપવામાં આવે છે. વિઝા પર વધેલી ફી ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે. H-1B વિઝા માટેની અરજી ફી $460 થી વધારીને ઈ૭૮૦ કરવામાં આવી છે. તે જ સમયે, H-1B વિઝા માટે નોંધણી આગામી વર્ષે દસ ડોલરથી વધીને $215 થશે. L-1 વિઝા ફી $460 થી વધીને $1,385 થઈ છે. EB-5 વિઝા ફી $3,675 થી વધીને $11,160 થઈ છે. આ કાર્યક્રમ યુએસ સરકારે ૧૯૯૦માં શરૂ કર્યો હતો. આ અંતર્ગત એવા વિદેશી રોકાણકારોને અમેરિકામાં કાયમી નિવાસ આપવામાં આવે છે જેઓ ત્યાં ઓછામાં ઓછા પાંચ લાખ ડોલરનું રોકાણ કરે છે અને ઓછામાં ઓછા ૧૦ અમેરિકન



લોકોને રોજગાર આપવામાં મદદ કરે છે. પરંતુ આ રોકાણ યુએસ સરકારની અધિકૃત એજન્સીઓ દ્વારા થવું જોઈએ. H-1B વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. H1B વિઝા સામાન્ય રીતે એવા લોકોને આપવામાં આવે છે જેઓ કામ કરવા માટે અમેરિકા જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ વિઝા અમેરિકન કંપનીઓમાં કામ કરતા આવા કુશળ કર્મચારીઓને રાખવા માટે આપવામાં આવે છે જેમની અમેરિકામાં અછત છે. આ પછી તેને ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. આ વિઝાની માન્યતા છ વર્ષની છે. અમેરિકન કંપનીઓની માંગને કારણે ભારતીય આઈટી પ્રોફેશનલ્સને આ વિઝા સૌથી વધુ મળે છે. જે લોકોના H-1B વિઝાની સમયસીમા સમાપ્ત થઈ રહી છે તેઓ અમેરિકન નાગરિકતા માટે અરજી કરી શકે છે. H-1B વિઝા ધરાવનાર વ્યક્તિ તેના બાળકો અને પત્ની સાથે અમેરિકામાં રહી શકે છે. EB-5 પ્રોગ્રામ યુએસ સરકાર દ્વારા ૧૯૯૦ માં શરૂ કરવામાં આવ્યો હતો.

આ અંતર્ગત ઉચ્ચ સંપત્તિ ધરાવતા વિદેશી રોકાણકારોને યુએસ વિઝા આપવામાં આવે છે. આ અંતર્ગત તેઓ અમેરિકન બિઝનેસમાં ઓછામાં ઓછા પાંચ લાખ ડોલરનું રોકાણ કરી શકે છે.

### IT ઇન્ડસ્ટ્રીઝમાં થશે નોકરીઓમાં ઘટાડો

। નવી દિલ્હી, તા.૨ ।

જો તમે આઈટી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છો, આ વર્ષે કોર્સ પૂરો કરી રહ્યા છો અથવા તમારું ભવિષ્ય અહીં બનાવવાનું વિચારી રહ્યા છો તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. આ વર્ષે આઈટી ઈન્ડસ્ટ્રીમાં નોકરીઓમાં ઘટાડો થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના વૈશ્વિક નુકસાનને કારણે આવું થઈ શકે છે. આ ક્ષેત્રની દિગ્ગજ ગણાતી ચાર મોટી કંપનીઓ નવી ભરતી નહી કરવાનું વિચારી રહી છે. આ સંદર્ભમાં મિન્ટના અહેવાલ અનુસાર, દેશની ટોચની IT રિક્રુટર કંપનીઓ નવી ભરતી કરવાનું ટાળી રહી છે. Tata Consultancy Services Limited, Infosys Limited, HCL Technologies Limited અને Wiproમાં કુલ કર્મચારીઓની સંખ્યામાં ૪૯,૯૩૬ નો ઘટાડો થયો છે. આ ડેટા ત્રિમાસિક અને વાર્ષિક નાણાકીય અહેવાલોમાંથી એકત્રિત કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે IT ઉદ્યોગની ચાર મોટી કંપનીઓમાં છેલ્લા પાંચ વર્ષમાં અત્યાર સુધીનો આ સૌથી મોટો કાપ છે.

### રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને શપથ અપાવ્યા

# ઝારખંડમાં નવી સરકાર અને નવા મુખ્યમંત્રીની તાજપોશી

## કોંગ્રેસના ક્વોટામાંથી આલમગીર આલમ અને આરજેડી ક્વોટામાંથી સત્યાનંદ ભોક્તાએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા

। (એજન્સી) રાંચી, તા.૨ ।

ઝારખંડમાં નવી સરકાર અને નવા મુખ્યમંત્રીની તાજપોશી થઇ ચૂકી છે. ચંપઈ સોરેને નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આ સિવાય કોંગ્રેસના ક્વોટામાંથી આલમગીર આલમ અને આરજેડી ક્વોટામાંથી સત્યાનંદ ભોક્તાએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને આ શપથ અપાવ્યાં હતા. નવી સરકારને ૧૦ દિવસમાં બહુમત સાબિત કરવો



પડશે. આ દરમિયાન એવા અહેવાલ છે કે હોર્સ ટ્રેડિંગથી બચવા માટે શાસક ગઠબંધનના ધારાસભ્યોને બે દિવસ માટે હૈદરાબાદ ખસેડવામાં આવી રહ્યા છે. આ ધારાસભ્યોને ચાર્ટર્ડ પ્લેન દ્વારા મોકલવામાં આવ્યા હતા. અગાઉ ચંપઈ અને ગઠબંધન નેતાઓએ દાવો કર્યો હતો કે તેઓ બુધવારે રાત્રે ૯ વાગ્યે રાજ્યપાલને મળવા ગયા હતા અને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. પરંતુ રાજ્યપાલ શપથ ગ્રહણ માટે સમય આપી રહ્યા નહોતા. ઝારખંડમાં નવા સીએમની પસંદગીની પ્રક્રિયા ત્યારે શરૂ થઈ જ્યારે ઈડી એ કથિત જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં હેમંત સોરેનની ધરપકડ કરી હતી. ઝારખંડ સરકારમાં સત્તાધારી ગઠબંધનના ૩૫ ધારાસભ્યો હૈદરાબાદ રવાના થઈ ગયા છે. જોકે કેટલાક ધારાસભ્યોએ જવાનું ટાળ્યું હતું. રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય આજે ઝારખંડમાં પ્રવેશી રહી છે. આવી સ્થિતિમાં પાર્ટીના કેટલાક ધારાસભ્યો આ યાત્રામાં ભાગ લેશે. ચંપઈ સોરેને નવી સરકારની રચના અંગે રાજ્યપાલને ૪૩ ધારાસભ્યો તરફથી સમર્થનનો પત્ર સુપરત કર્યો હતો.

## તંત્રી લેખ...

# ઇઝરાયેલ સાથે સહઅસ્તિત્વ ધરાવતા સ્વતંત્ર પેલેસ્ટાઇનના વિચારને સમર્થન

બ્રિટનના ટોચના રાજદ્વારીએ ગુરુવારે જણાવ્યું હતું કે ગાઝામાં યુદ્ધવિરામ પછી ઇઝરાયેલ અને પેલેસ્ટિનિયનો વચ્ચે વર્ષોથી ચાલેલી વાટાઘાટોના પરિણામની રાહ જોયા વિના તેમનો દેશ સત્તાવાર રીતે પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપી શકે છે. વિદેશ સચિવ ડેવિડ કેમરોને પ્રાદેશિક તણાવ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેબનોનની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે જ્યાં સુધી હમાસ ગાઝામાં રહેશે ત્યાં સુધી તેને માન્યતા મળી શકે નહીં. ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન કેમેરોને કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સહિત પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાજ્ય તરીકે બ્રિટનની માન્યતા એ પ્રક્રિયાની શરૂઆત ન હોઈ શકે, પરંતુ તે તેનો અંત નથી. કેમેરોને કહ્યું કે આ કંઈક હોઈ શકે છે જેને આપણે આ પ્રક્રિયા તરીકે માનીએ છીએ, કારણ કે તે ઉકેલ તરફ આગળ વધે છે, વધુ વાસ્તવિક બને છે. આપણે પેલેસ્ટિનિયન લોકોને તેમના પોતાના દેશનું સારું ભવિષ્ય બનાવવાની મંજૂરી આપવાની જરૂર છે. તેમણે કહ્યું કે આ સંભાવના પ્રદેશની લાંબા ગાળાની શાંતિ અને સુરક્ષા માટે એકદમ મહત્વપૂર્ણ છે. બ્રિટન, યુએસ અને અન્ય પશ્ચિમી દેશોએ પ્રદેશના સૌથી મુશ્કેલ સંઘર્ષના ઉકેલ તરીકે ઈઝરાયેલ સાથે સહઅસ્તિત્વ ધરાવતા સ્વતંત્ર પેલેસ્ટાઈનના વિચારને સમર્થન આપ્યું છે. પરંતુ તેણે એમ પણ કહ્યું કે પેલેસ્ટાઈનની સ્વતંત્રતા વાટાઘાટોના ઉકેલના ભાગરૂપે આવવી જોઈએ. ૨૦૦૯ પછી કોઈ નક્કર વાતચીત થઈ નથી. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ, તેમના ભાગ માટે, યુદ્ધ પછી સ્વતંત્ર પેલેસ્ટિનિયન રાજ્યની રચનાને જાહેરમાં નકારી કાઢી છે. તાજેતરના અઠવાડિયામાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે તેણે પેલેસ્ટિનિયન રાજ્યનો દરજ્જો રોકવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઈઝરાયેલના કેટલાક મુખ્ય સાથીઓની ખરીદી વિના પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપવાનું પગલું ઈઝરાયેલને અલગ કરી શકે છે અને તેના પર મંત્રણામાં આવવા માટે દબાણ લાવી શકે છે. કેમરને કહ્યું કે પહેલું પગલું ગાઝામાં લડાઈ રોકવાનું હોવું જોઈએ, જે આખરે કાયમી યુદ્ધવિરામ તરફ દોરી જશે. તેમણે કહ્યું કે તેમનો દેશ પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપે તે માટે, હમાસ આતંકવાદી જૂથના નેતાઓએ ગાઝા છોડવું પડશે કારણ કે તમારી પાસે બે-રાજ્ય ઉકેલ હોઈ શકે નહીં. કારણ કે ગાઝા હજુ પણ ઑક્ટોબર ૭ માટે જવાબદાર લોકો દ્વારા નિયંત્રિત છે. હમાસે અત્યાર સુધી એવું વલણ અપનાવ્યું છે કે તેના નેતાઓ યુદ્ધવિરામ કરાર હેઠળ એક્લેવ છોડશે નહીં. કેમેરોને કહ્યું કે તેમનો દેશ લેબનોન-ઈઝરાયેલ સરહદ પર તણાવ ઓછો કરવાની યોજના પણ પ્રસ્તાવિત કરી રહ્યો છે, જ્યાં લેબનાનના આતંકવાદી જૂથ હિઝબુલ્લાહ અને ઈઝરાયેલી દળો છેલ્લા ચાર મહિનાથી દરરોજ ગોળીબાર કરી રહ્યા છે, જેનાથી વ્યાપક યુદ્ધની આશંકા વધી રહી છે. તેમણે કહ્યું કે આ યોજનામાં બ્રિટન લેબનીઝ સેનાને સરહદી વિસ્તારમાં વધુ સુરક્ષા કાર્ય કરવા માટે તાલીમ આપવાનો સમાવેશ કરશે.

# એક વર્ષમાં સરકાર દ્વારા ૨૫ લાખ કરોડથી પણ વધારાનું કરભંડોળ સીધા કરવેરા દ્વારા એકત્રિત કરાયુ

નિર્મલા સીતારામને આજે પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈની બરોબરી કરતા સતત છઠ્ઠી વખત કેન્દ્રીય બજેટ પ્રસ્તુત કર્યું હતું. જોકે વચગાળાનું બજેટ હોવાને કારણે ઉદ્યોગ ક્ષેત્રને એની પાસેથી બહુ મોટી આશાઓ ન હતી. વળી, એનડીએ સરકાર તરફથી અગાઉથી જ કહેવામાં આવ્યું હતું કે જુલાઈમાં રજૂ થનારા હવે પછીના નવી સરકારના પૂરક બજેટ તરફ જ અપેક્ષાઓ રાખવાની રહેશે. તો પણ સામાન્ય નાગરિકને આ બજેટથી વિશેષ પ્રકારની આશા હતી. માથે ચૂંટણી લટકી રહી હોવાને કારણે કેન્દ્ર સરકાર તરફથી સીધા કરવેરાના કરદાતાઓને વિશેષ લાભ મળવાની આશા હતી જે ખાસ ફળીભૂત થઈ નથી. તો પણ સરકારે ઉતાવળે એક સાકરની કાંકરી ચાખવા આપી છે અને એક કરોડ કરદાતાઓના પચીસ હજાર સુધીના બાકી વેરાને માફી આપી છે. જે રીતે સરકાર જીએસટી દ્વારા જંગીકર વસૂલી રહી છે તે જોતા આશા હતી કે સીધા કરદાતાઓને થોડીક રાહત મળશે પરંતુ એમ થયું નથી. દેશમાં અત્યારે કિસાનોના નવા પ્રકારના સંગઠનો આકાર લઈ રહ્યા છે. આ ફાર્મર્સ પ્રોડયુસર કંપનીઓ કે જે કૃષિ ઉત્પાદનમાં મૂલ્ય વૃદ્ધિ કરીને એને બજારમાં મૂકે છે એટલે કે તેઓ પોતે જ કૃષિલક્ષી ઉત્પાદનોની એક લાંબી સાંકળ દેશમાં રચવા ચાહે છે એને કોઈ કરલાભ આપવામાં આવ્યા નથી. એફપીઓ દ્વારા તૈયાર થતા ઉત્પાદનોને સરકાર તરફથી વિશેષ રાહત મળવાની આશા હતી, પરંતુ એ દિશામાં સરકાર ચૂપ રહી છે. એ જ રીતે વર્ષોથી રાસાયણિક ખાતરો દ્વારા ભ્રષ્ટ થઈ ગયેલી ખેતજમીનના શુદ્ધિકરણ માટે બાયોચાર વગેરેના ઉપચારો દ્વારા જમીનનું શુદ્ધિકરણ કરવાની જે ઝુંબેશ દેશભરમાં આજકાલ સ્વતંત્ર રીતે ચાલી રહી છે એને કેન્દ્ર સરકારનું પ્રોત્સાહન મળવાની આશા હતી, પરંતુ આ વચગાળાના બજેટમાં પોતાના વિભાગનો પડઘો પાડવામાં કૃષિ મંત્રાલય નિષ્ફળ નીવડયું છે. સરકારની દાનત જીએસટી અને આવકવેરા દ્વારા અધિકતમ ધન સંપાદનની છે એ વાત ગોપનીય રહી શકી નથી. એક વર્ષમાં સરકારે ૨૫ લાખ કરોડથીય વધારાનું કરભંડોળ સીધા કરવેરા દ્વારા એકત્રિત કર્યું છે, જે સાક્ષાત કુબેર ભંડારી કક્ષાનું છે. સાર્વત્રિક રીતે બજેટ બતાવે છે કે સરકાર એ ભંડારને હજુ વધુ સમૃદ્ધ કરવા ચાહે છે. જે જે મુદ્દાઓ તરફ પ્રજાનું ધ્યાન છે એ તરફ પ્રચારપડઘમ વગાડવામાં આવ્યા છે, પરંતુ પાયાની બાબતો તરફ બહુ ધ્યાન આપવામાં આવ્યું નથી. અલબત્ત, ભારતના શત્રુ રાષ્ટ્રોને ધ્યાનમાં રાખીને તથા સામુદ્રિક કમાન વધુ સમૃદ્ધ કરવાના હેતુથી યોગ્ય રીતે જ કેન્દ્ર સરકારે સંરક્ષણ બજેટમાં વધારો કર્યો છે. ગત વર્ષે બજેટમાં ફાળવેલી રકમ કરતાં પણ સરકારનો સંરક્ષણ ખર્ચ વધી ગયેલો છે. ઉપરાંત જુલાઈ માસમાં નિર્મલાએ કહ્યું એ પ્રમાણે સમગ્ર દેશનો વિકાસલક્ષી રોડ મેપ આપવાનો બાકી છે. એટલે કેન્દ્ર સરકાર જય જવાન અને જય કિસાનની સમતુલા કઈ રીતે હાંસલ કરે છે એ માટે પ્રજાએ જુલાઈ મહિના સુધી પ્રતિક્ષા કરવાની રહેશે. કેન્દ્ર સરકારે દેશમાં ૮૦ કરોડથી વધુ લોકોને કરિયાણાની સામગ્રી રેશનિંગ ચેનલો દ્વારા પહોંચાડી છે ને એનો વારંવાર વગાડવામાં આવતો ઢોલ બજેટમાં પણ સાંભળવા મળે છે. સીતારામને કેન્દ્ર સરકારની આવનારાં વર્ષોની આર્થિક નીતિની સ્પષ્ટતા કરતા એમ પણ કહ્યું કે અમે માનવતાના ધોરણે આગળ વધવા ચાહીએ છીએ, જે સરકારની પીડિતો અને વંચિતોને રાહત આપવાની નીતિનો પ્રતિધ્વનિ છે. સરકારની કલ્યાણકારી આ પ્રકારની યોજનાઓને ઉજળો પ્રતિસાદ મળ્યો છે, કારણ કે ગરીબીના વિષચક્રમાં ફસાયેલો પ્રજાનો બહુ મોટો વિભાગ રાહત અને આશ્વાસનનો અનુભવ કરે છે.

# સ્મશાન રૂપી સમુદ્રમાંથી સાત રત્ન પ્રાપ્ત થાય છે અને એ બહુ પવિત્રતમ સ્થાન છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

સાતમા દિવસની માનસ મસાનની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે વનવાસ ગમન વખતે અવધવાસીઓને ભગવાન રામે પરત ફરવા કહ્યું, અને જ્યારે તે લોકો અયોધ્યા પાછા ફરે છે, ત્યારે તેમને પોતાનું ઘર સ્મશાન જેવું લાગે છે, અને પરિવારજનો ભૂત જેવા લાગે છે. એટલે કે પરિવારના જે સદસ્યો વનગમન કરવા નહોતા ગયાં, એ ભૂત જેવા લાગે છે. ભૂત હંમેશા સ્મશાનમાં જ રહે છે, એ સ્મશાન છોડીને ક્યાંય જતા નથી, એટલે ગભરાવું નહીં કે રસ્તામાં ભૂતનો ભેટો થઈ જશે! જ્યાં શિવનો વાસ હોય શિવત્વને છોડીને કોણ જીવ તત્વ પાસે જાય! જે નાસમજ હોય એ જ આવી ભૂલ કરે.

મોક્ષ શું છે એવું મને બે ત્રણ દિવસથી પૂછવામાં આવે છે. હું મોક્ષ વાદી નથી, અમારે તો મુક્તિ જોઈતી જ નથી! હું અહીં ભૂતોને કથા સંભળાવવા આવ્યો છું, મહાદેવ મને માંગવાનું કહે તો હું મુક્તિ નહીં પરંતુ ભક્તિ માંગુ. મૃત્યુ જ મોક્ષ છે, હવે એને સિદ્ધ કરવું મુશ્કેલ છે! પણ જેનો ભૂતકાળનો શોક ટળી જાય, ભવિષ્યની ચિંતા ટળી જાય, અને વર્તમાનનો મોહ ટળી જાય, એ જ તો જીવન મુક્તિ કે મોક્ષ છે, આપના ઘરે હું ઓચિંતાનો આવું તો આપને ખુશી થાય કે નારાજગી? એ જ રીતે આપના ઘરે ઓચિંતા કૃષ્ણ આવે તો આપ ખુશ થાવ કે નારાજ? શ્રી કૃષ્ણએ ગીતામાં કહ્યું છે હું જ મૃત્યુ છું, ને હું જ અમૃત છું. તો મૃત્યુ આવે ત્યારે ખુશ થવું જોઈએ, કે આ મોત નથી, કનૈયો છે. મૃત્યુ કોઈ પણ રૂપ લઈને આવે ત્યારે કનૈયો આવી રહ્યો હોય છે, અને એ જીવનું શિવ સાથે મિલન કરાવે છે. એટલે સ્મશાનથી ડરવું નહીં, મૃત્યુથી ડરવું નહીં, અને છતાં ડર લાગતો હોય અને એનાથી મુક્ત થવું હોય તો, ચાર વસ્તુનો ખુદ અભ્યાસ કરો.

(૧)માનવીય શીલને ધારણ કરો, કર્મશીલ, ધર્મશીલ, સત્ય શીલ, એવા ઘણા પ્રકારના શીલનો આપણા શાસ્ત્રોએ મહિમા ગાયો છે, આપણે પશુ નથી, માનવ છીએ એ વાત ખાસ યાદ રાખવી. ગંગા જેવી નદીઓના ઘાટને સ્વચ્છ રાખવા



એ આપણું શીલ છે, એ જ રીતે સ્મશાન પણ બહુ જ પવિત્રમ જગ્યા છે, એની અસ્વચ્છતા જ આપણને ડરાવે છે. તો ત્યાં સ્વચ્છતા જરૂરી છે, જ્યાં શિવ હોય એ અપવિત્ર કઈ રીતે હોય. કોઈપણ સ્મશાનમાં ગંગા હશે હશે અને હશે! ગંગાને શિવે મસ્તક પર ધારણ કરી છે, એટલે જ્યાં શિવ હોય ત્યાં ગંગા હોય જ.

(૨) શુભ શ્રવણ, જે સાંભળો તે સારું સાંભળો. કોઈની નિંદા સાંભળીએ, તો આપણા મનમાં ભયની સૃષ્ટિ સર્જાય, હું એમ નથી કહેતો કે રામકથા જ સાંભળો! કોઈ પણ ભગવત કથા કે ભગવત ચરિત્ર સાંભળો. સારી વાતો સાંભળો, સારા ગીતો સાંભળો, સારા શ્લોક સાંભળો, સારા શેર શાયરી સાંભળો, અર્થ બદલી શકો તો ફિલ્મના ગીતો પણ સાંભળો.

(૩) મૌલિક શ્રદ્ધા, ન અંધ શ્રદ્ધા, ન અશ્રદ્ધા, એવી મૌલિક શ્રદ્ધા શ્રદ્ધા જરૂરી છે. શંકરથી પાર્વતીને જુદા નહીં પાડી શકો.

(૪) પોતાનો પુરુષાર્થ, એટલે કે કર્મમાં નિષ્ઠા. આપણું કરેલું કર્મ ઉચિત છે, એવી નિષ્ઠા હોવી જરૂરી છે. જો આ ચાર વસ્તુનો અભ્યાસ કરીને આપણે આપણા જીવનમાં એનો અમલ કરી શકીએ, તો ભય મુક્ત થઈ જવાય. એમાં કપડાં બદલવાની જરૂર નથી, નામ બદલવાની જરૂર નથી, ગામ બદલવાની જરૂર નથી, કે દેશ બદલવાની જરૂર નથી, જ્યાં પણ છીએ ત્યાં આપણે આ ચારનો અભ્યાસ કરીને, મૃત્યુ અને સ્મશાનના ભયથી મુક્ત થઈ શકીશું.

ભગવત ગીતામાં મૃત્યુને સંસારનો સાગર કહ્યું છે, અને સમુદ્ર મંથનથી જેમ ૧૪ રત્ન પ્રાપ્ત થાય છે, એમ મારા અનુભવ મુજબ કહું તો સ્મશાનનું મંથન કરવાનું શીખી લઈએ, તો આપણને સાત રત્ન પ્રાપ્ત થાય છે, (૧) સ્મશાન નામના સમુદ્રનું મંથન કરવાથી શાંતિ મળે છે. સાંસારિક વ્યવહારો અને તેની ઉપાધિ છૂટી ગઈ એટલે શાંતિ મળે છે.

(૨) બીજું રત્ન છે પ્રાપ્તિ, શરીરની વ્યાધિ માંથી મુક્તિની પ્રાપ્તિ, મોક્ષની પ્રાપ્તિ, દિવ્ય ગતિની પ્રાપ્તિ.

(૩) ત્રીજું રત્ન છે કીર્તિ, મૃત્યુ પછી જ બધાને કદર થતી હોય છે, સરહાના કરે છે કે, બહુ સારો માણસ હતો. ક્યારેય ખોટું બોલ્યો નહીં! શોકસભા કે પ્રાર્થના સભામાં મૃત્યુ પામેલાની કીર્તિ ગવાતી હોય છે.

(૪) ચોથુ રત્ન છે અનાસક્તિ, મૃત્યુ પામીને સ્મશાન ગયા એને બાળવામાં આવે પછી એને ફૂલ માળા પહેરાવો કે,એના પર ગંદકી કરો, એને કોઈ જ વસ્તુ સ્પર્શતી નથી. એને કોઈ આશક્તિ નથી, એ અનાસક્ત થઈ ગયા. સાધના કર્યા વગર અનાસક્તિનું રત્ન મળે છે. કોઈ સાલ ઓઢાડે કે સારું વસ્ત્રો ઓઢાડે,કે કોઈ લઈલે એને કોઈ ફેર પડતો નથી.

(૫) પાંચમુ રત્ન છે ભક્તિ, મૃત્યુ પામેલો તો કઈ રીતે ભક્તિ કરી શકે? એવો પ્રશ્નાર્થ પણ થાય! પરંતુ એની પાછળ ભજન થાય રામ રામ બોલીએ ગીતા ના પાઠ થાય, એ ભક્તિ નામનું રત્ન છે.

(૬) છઠ્ઠું રત્ન છે આત્મજ્યોતિની પ્રાપ્તિ. શરીર ગયું પરંતુ આત્મા અમર હોવાથી, આત્મ જ્યોતિ ધીરે ધીરે ઉર્ધ્વગમન કરીને પ્રાપ્ત થાય છે.

(૭) સાતમુ રત્ન છે ધૃતિ એટલે કે ધૈર્ય, યુવાન ભાઈ બહેનો થોડું ધૈર્ય રાખો, ઉતાવળ ન કરો! વિપરીત પરિસ્થિતિમાં બેરખો લઈ હરિનામ જપો. આ બેરખો દુનિયાભરની સમસ્યાઓના તાળાને ખોલવાની ચાવી છે.

આપણે સનાતની ઓતો પુનર્જન્મ અને પૂર્વ જન્મની શ્રદ્ધા ધરાવનારા, જગતગુરુ શંકરાચાર્ય કહે છે પુનરપિ જનનં પુનરપિ મરણં, તો ભગવાન કૃષ્ણએ પણ અનેક જન્મ સિદ્ધિની વાત કરી છે, અને મારું માનસ કહે છે જનમ જનમ મુની જતન કરે. હું અને તમે આપણે અકારણ નથી મળ્યાં, ક્યારેક પહેલા પણ મળ્યા હોઈશું, અને આગળ પણ મળીશું, પણ પ્રમાણિત નથી કરી શકાતું. પ્રત્યેક અનુષ્ઠાન અસ્તિત્વ દ્વારા સુનીયોજિત હોય છે, એમ જ કંઈ થઈ જતું નથી. કોઈ અનુષ્ઠાન પૂર્ણરૂપમાં સફળ થાય, ત્યારે સમજવું કે આયોજન આપણું ન હતું અસ્તિત્વનું હતું. મા ગંગાનું હતું, મહાદેવનું હતું. વર્ષો પહેલા કરેલો ગંગાજળ પીવાનો નિર્ણય પણ મારો નથી, કોઈ સંબંધ રહ્યો હશે ગંગા સાથે અને એ રીતે ઘેર ઘેર ગંગાજળ પહોંચી ગયું. જોકે હવે તો મારી માટે દરેક જળ ગંગાજળ છે. ભગવત ગીતામાં કૃષ્ણ અર્જુન સમક્ષ કહે છે તારા ને મારા ઘણા જન્મ વીત્યા છે, ફરક એટલો છે કે હું બધું જાણું છું, તું નથી જાણતો. તુષારભાઈ શુક્લાએ મોકલેલી કવિતાનો પાઠ કર્યો,

**તન મે ગંગા ઘાટ હે બહતી હે મન ગંગા,**
**સાંસો કી શહનાઈયો છેડે હે બિસ્મિલ્લા.**
**સાથ તો કેવલ આયેગા રામ નામ આધાર,**
**માનસ ગાન સ્મશાનમે ગુંજત પહેલી બાર.**

એક પ્રશ્ન કોઈ બુદ્ધ પુરુષને ઓળખવાની વિધિ શું છે? કોઈ વિધિ નથી નાનો એવો સંકેત, એનો વેશ, એનો સંપ્રદાય, તિલક માળા, ભાષા, આ બધું તો મહાન છે જ પરંતુ બુદ્ધ પુરુષોની ઓળખ ચાર વસ્તુથી થાય.

(૧) જે સૌનો સ્વીકાર કરે.

(૨) જે ક્યારેય તકરાર ન કરે. ફિલ્મ ગીત ભૂલ જા જાને દે તકદીર સે તકરાર ન કર!

(૩)તિરસ્કાર ન કરે.

(૪) ચોથું અને અંતિમ સૂત્ર સૌને સાથે પ્યાર કરે! બસ આ ચાર જેનામાં હોય એને હાફ પેન્ટ પહેર્યું હોય તો પણ એ બુદ્ધ પુરુષ સાડી પહેરી હોય તોય, એટલે કે માતૃ શરીરમાં હોય તો પણ બુદ્ધ પુરુષ. કથાના ક્રમમાં ચારેલ ભાઈઓના નામકરણ સંસ્કાર થયાં, પરમાત્માની બાળ લીલા થઈ, કુમાર અવસ્થામાં આવ્યાં, ગુરુ અને માતા પિતાએ મળીને યજ્ઞોપવિત્ સંસ્કાર કર્યા.


વશિષ્ઠજીના આશ્રમમાં વિદ્યા પ્રાપ્ત કરવા માટે ગયાં, અલ્પકાળમાં બધી વિદ્યાઓ પ્રાપ્ત કરી લીધી. ત્યારબાદ વિશ્વામિત્રજી સાથે વનમાં ગયાં, તડકા અને સુબાહોને નિર્વાણ આપ્યું. અહલ્યાનો ઉધાર કર્યો. રસ્તામાં ગંગા તટ આવ્યો , વિશ્વામિત્રએ રામને ગંગા અવતરણની કથા સંભળાવી, તુલસી લખે છે જય જય ભગીરથ નંદિની, મુની ચય ચકોર ચંદિની, પ્રભુ એ ગંગા સ્નાન કરી તીર્થોના દેવતાઓને આદર આપ્યો અને ત્યારબાદ વિશ્વામિત્ર સાથે ધનુષ્ય યજ્ઞ માટે મિથિલા ગયા. જનક રાજાએ સન્માન કર્યું અને રામને જોઈને આશ્ચર્યચકિત થઈ પ્રશ્ન પૂછ્યો કે આ કોણ છે? વિશ્વામિત્રએ કહ્યું કે મહારાજ એ આપને જ પ્રિય લાગે છે એવું નથી, એ આખા જગતના જડ ચેતનને પ્રિય લાગે એવી વ્યક્તિ છે. આમ કહી સાતમા દિવસની કથાને મણિકર્ણિકા ઘાટ પર વિશ્રામ આપ્યો.

# ભગવાનના સ્વરૂપને કોઈ પામી શક્યું છે? કારણ કે તેને પાર પામવા જતાં મન અને વાણી બેઉ પાછાં પડે છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



જન્મ પણ દુઃખ છે. વૃદ્ધાવસ્થા પણ દુઃખ, સ્ત્રી પણ દુઃખ છે, પણ એથી મોટું દુઃખ મરણ છે. માટે વેળાસર ચેતી જાઓ. આ દુઃખોને રોજ યાદ કરો. રોજ વિચારો કે, આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ. નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં? મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી તો પાપ શા માટે કરા છો? કેટલાક બહુ ડાહ્યા હોય છે. બજારમાં શેર શાક લેવું હોય તો આખી બજાર ફરી શું લેવું તેનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરો છો? મૃત્યુને રોજ યાદ કરો, તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય, ત્યારે માનજો કે તમે સંત છો.


મનુષ્ય માને છે કે, હું પાપ કરું છું તે કોઈ જોતું નથી. પણ પાપપુણ્ય ના અનેક સાક્ષી ઓ છે. સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષી ઓ છે.સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ બધા સાક્ષીઓ છે. ભગવાનના સેવકો જ્યાં જાવ ત્યાં સાથે જ છે સદગુરુ શંકરાચાર્ય સ્વામી દુઃખ પામી કહે છે કે, મનુષ્ય મરવાનું છે તે જાણે છે. એક દિવસ આ બધું છોડીને જવાનું છે તે પણ જાણે છે. તેમ છતાં મનુષ્ય પાપ કરે છે! તે તેમને આશ્ચર્ય થાય છે. છેવટે એ મરણને શરણ થાય છે,તો પણ તે પાપી આચરણ છોડતો નથી. માટે તમારા જીવનને સાચવજો. પરીક્ષિતને અધિકાર સિદ્ધ થયા પછી શુકદેવજી ત્યાં પધાર્યા છે. શુકદેવજીને આમંત્રણ આપવું પડ્યું નથી. અમે આમંત્રણ આપે આ શુકદેવ આવે તેવા નથી. પરીક્ષિત રાજા જ્યાં સુધી મહેલો માં વિલાસી જીવન ગાળતા હતા ત્યાં સુધી શુકદેવજીના આવ્યા પણ તક્ષકના ભયથી સંસાર છોડ્યો કે તરત શુકદેવજી પધાર્યા. પરીક્ષિત રાજાને ખાતરી હતી કે, સાત દિવસ પછી મરવાનો છું. આપણને એ પણ ખબર નથી. જીવન પાણીનો પરપોટો છે. પાણીના પરપોટાને ફૂટી જતાં વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતાં પણ વાર લાગતી નથી. પ્રથમ સ્કંધમાં શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન પામવાનો અધિકારી કોણ, એ જ્ઞાન આપવાનો અધિકારી કોણ વગેરે બતાવ્યું છે. પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકરણ છેઃ ઉત્તમાધિકાર, મધ્યમાધિકાર અને ત્રીજું કનિષ્ઠાધિકાર પ્રકરણ.

શુકદેવજી-પરીક્ષિત ઉત્તમ વક્તા-શ્રોતા, નારદ-વ્યાસ મધ્યમ શ્રોતા વક્તા અને સૂત-શૌનકજી કનિષ્ઠ વક્તા-શ્રોતા. વ્યાસજી સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે એટલે કે મધ્યમ વક્તા. બીજાને સુધારવાની ભાવના પ્રભુભજનમાં વિઘ્ન કરે છે. બીજાને સુધારવાની ભાંજગડમાં પડતા નહીં તમે પોતાને સુધારજો. કથા કરતી વખતે શુકદેવજીને ખબર નથી કે, મારી કથા સાંભળવા સામે કોણ કોણ બેઠા છે? શુકદેવજીની કથાથી ઘણાનાં જીવન સુધરે છે, પણ તેનો વિચાર શુકદેવજી કરતા નથી. શંકરાચાર્યે કહ્યું છે કે, બ્રહ્મજ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી. આવી દશા શુકદેવજીની છે. જગતમાં બ્રહ્મજ્ઞાની મળી શકે, પણ બ્રહ્મદષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા નથી મળતા. કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એક ન હોય, ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી.શુકદેવજી મહારાજ જે બોલ્યા છે તે જીવનમાં ઉતારીને બોલ્યા છે. છે અને પછી તમને કહું છું. શુકદેવજી ઉત્તમ વક્તા છે કારણ કે વાણી અને વર્તન તેમનું એક ર એક વખત એકનાથ મહારાજ પાસે એક બાઈ પોતાના પુત્રન લધુ આવી. કહે. મહારાજ, મારા પુત્રને ગોળ ખાવાની બહ ટેવ છે. તે ટેવ છોડી દે તેવા આશીર્વાદ આપ આવી વ્યક્તિ વંદનીય છે. મહારાજે તે વખતે તમે ને આશીર્વાદ આપ્યા નહીં, કારણકે પોતે ગોળ ખાતા હતા. તે બાઈને તેઓએ કા થોડા દિવસ પછી તમારા પુત્રને લઈને આવજો. તે વખતે હું આશીર્વાદ આપીશ. પછી તેઓએ ગોળ ખાવાનું છોડયું. થોડા દિવસ પછી પેલી બાઈ પોતાના પુત્રને લઈને આવી. મહારાજે તે વખતે બાળકને આશીર્વાદ આપ્યો. એનું નામ ઉત્તમ વક્તા. વચનસિદ્ધિ અમથી નથી આવતી.અસેઝ પ્રસાદ કરતાં પેટમાં અજીર્ણ થાય એટલો પ્રસાદ ન લેવાય. ભગવાન યોગી છે . ભોગી નથી. આ જીવ ભોગી છે, યોગી નથી એટલે ભગવાન છપ્પન ભોગ આરોગે તેમાં વહે નહીં, આપણાથી આવું ન થાય.

ત્યાગથી અલૌકિક શક્તિ આવે છે વિષયો આપણને છોડીને જાય તો દુઃખ થાય છે, પક આપણે સમજી ને વિષયોને છોડીએ તો આનંદ આવે છે.શુકદેવજીમા સોળ આની વૈરાગ્ય છે એક તે ઉત્તમ વક્તા છે. વ્યાસજીએ એકલીલાનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે. વ્યાસજીએ અંતર દષ્ટિથી આ બધું જોયું છે. ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે. આપણી આંખો લૌકિક છે. લૌકિક આંખો અલૌકિક ઈશ્વરને જોઈ શકે નહીં. બહારની આંખ બંધ કર્યા પછી અંતરની આંખ ખૂલે છે, ત્યારે પરમાત્માનાં દર્શન થાય છે, એટલે મહાપ્રભુએ ભાગવતની ભાષાને સમાધિભાષા કહી છે. ઈશ્વરના ધ્યાનમાં જેને થો પણ આનંદ મળે છે, તેને ભાગવતનો અર્થ જલદી સમજાય છે. વ્યાસજીએ અઢાર હજાર શ્લોકનો આ ભાગવતગ્રંથ બનાવ્યો,પરંતુ વ્યાસ જીને ચિંતા થઈ. ગ્રંથ તો મેં તૈયાર કર્યો પણ તેનો પ્રચાર કોણ કરશે? જન્મથી જેને માયાનો સંસર્ગ ન થયો હોય એવા નિર્વિકારી જ આ ગ્રંથનો પ્રચાર કરી શકશે. બહુ વિચારને અંતે વ્યાસજીને લાગ્યું કે, આવો લાયક તો મારો પુત્ર છે. એકવાર સર્વશ્રેષ્ઠ નારી શુકદેવજી ને ચળાવવા આવી. શુકદેવજીને કહે તમારું જીવન વૃથા જીવન છે. શુકદેવજી ઉત્તર આપે છે કે, કોનું જીવન વૃથા છે એ જાણવું છે? તો સાંભળો, કમળના જેવાં જેનાં લોચન છે, કેયૂરના હારોથી જે શોભે છે, એવા પ્રભુ નારાયણની જેણે જેના હૃદય-પ્રદેશ પર લક્ષ્મી જી વિરાજે છે, એવા ગરુડધ્વજ, ચક્રધારી પરમાત્મા મુકુંદ ભગવાન નું જેણે ક્ષણ વાર સ્મરણ કર્યું નથી તેવા મનુષ્યનું જીવન વૃથા ગયું જાણવું. એનો અવતાર એળે ગયો જાણવો.છેલ્લે શુકદેવજીએ રંભાને કહ્યું, સ્ત્રીનું શરીર આટલું સુંદર અને સુગંધમય હોઈ શકે છે તે મેં આજે જાણ્યું. હવે ફરી જન્મ લેવાનો જન્મ થાય, તો તારા જેવી મા શોધી કાઢીશ. જો આવા જન્મ સિદ્ધ યોગી છે શુકદેવજી.જન્મ થયો કે તરત તપશ્ચર્યા માટે વન તરફ તેમણે પ્રયાણ કર્યું હતું. શુકદેવજી સદા બ્રહ્મચિંતનમાં લીન રહે છે, તેમને વનમાંથી બોલાવવા કેવી રીતે?તેઓ વનમાંથી ઘરે આવે તો હું ભાગવતશાસ્ત્ર તેને ભણાવું અને પછી તેઓ તેનો પ્રચાર કરે એવો વ્યાસજીને વિચાર આવ્યો. ભગવાનના સ્વરૂપને કોઈ પામી શક્યું છે? કારણ કે તેને પાર પામવા જતાં મન અને વાણી બેઉ પાછાં પડે છે. વાણી હિંમત કરી તેનું વર્ણન કરવા જાય, પણ મન ન પહોંચે ત્યાં વાણીનું શું ગજું? શ્રીકૃષ્ણનું સ્વરૂપ અદ્ભુત છે. તે સ્વરૂપે યોગીઓનાં ચિત્તને પણ આકર્ષ્યા છે. તો એ શુકદેવજી જેવા યોગીઓને શું નહીં આકર્ષે? શુકદેવજી નિર્ગુણ બ્રહ્મના ચિંતન માં લીન છે,તેનાથી તેનું ચિત્ત હટાવવા અને સગુણ બ્રહ્મ તરફ તેને વાળવા શ્રીકૃષ્ણ લીલાના શ્લોકો તેમને સંભળાવવા જોઈએ આ શ્લોકો ની જાદુઈ અસરની વ્યાસજીને ખાતરી થઈ હતી. જંગલમાં હિંસક પ્રાણી હતા, તેથી વ્યાસજીના શિષ્યો જંગલમાં દર્ભ સમિધ લેવા જતાં ડરતાં. વ્યાસજીએ કહ્યું કે તમને બીક લાગે, ત્યારે આ ભાગવતના શ્લોક બોલજો. શ્રીકૃષ્ણ મારી સાથે છે એવો વિચાર કરજો. તે પછી ઋષિ કુમારો જ્યારે વનમાં જાય છે ત્યારે આ શ્લોકો બોલે, વનમાં હિંસક પશુઓ વાઘ, સિંહ બધા વૈરને ભૂલી શાંત બની જતાં. વ્યાસજી વિચારે છે કે, જે મંત્રોથી પશુઓનું આકર્ષણ નહીં થયું, તે મંત્રોથી શું શુકદેવજીનું આકર્ષણ નહીં થાય? દેહભાન ન ભૂલાય ત્યાં સુધી દેવના દર્શન થતા નથી. શુકદેવજી જ્યોતિર્મય બ્રહ્મનું ચિંતન કરે છે. તેમને દેહભાન નથી. શુકદેવજી પરમહંસો ના આચાર્ય છે,તેથી બ્રહ્મ ચિંતન કરે છે. એવા શુકદેવજીનું મન આકર્ષવા વ્યાસ જીએ યુક્તિ કરી.વ્યાસજીએ શિષ્યોને કહ્યું કે,શુકદેવજી જે વન માં સમાધિમાં બેસી રહે છે ત્યાં તમે જાવ, અને તેઓ સાંભળે તેમ આ શ્લોકનું ગાન કરો. ફરી ફરી ગાન કરો. શુકદેવજીનું હૃદય ગંગા જળ જેવું શુદ્ધ છે. જળ સ્થિર અને સ્વચ્છ હોય તો તેમાં શુદ્ધ પ્રતિબિંબ પડે છે.

# ‘ભક્ષક’ ફિલ્મનું ટ્રેલર રીલીઝ

**સત્ય ઘટના પર આધારિત ફિલ્મના ટ્રેલરમાં ભૂમિ પેડનેકર, સંજય મિશ્રા, આદિત્ય શ્રીવાસ્તવ અને સાઇ તામ્હણકરની દમદાર એક્ટિંગ જોવા મળી રહી છે**






ભૂમિ પેડનેકરની ફિલ્મ ભક્ષકનું ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. આમાં અભિનેત્રી પ્રેસ રિપોર્ટરનો રોલ અદા કરતી જોવા મળી રહી છે. સત્ય ઘટના પર આધારિત આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. આ ફિલ્મનું ટ્રેલર જોઈને તમારા રૂંવાટા ઉભા થઈ જશે. રિપોર્ટરની ભૂમિકામાં ભૂમિ માસૂમ બાળકોની સાથે થઈ રહેલા દુષ્કર્મ વિરુદ્ધ અવાજ ઉઠાવે છે.

આ લડાઈમાં ભૂમિને બહુ ઓછો લોકોનો સપોર્ટ મળે છે અને અનેક પ્રકારની મુશ્કેલીઓ આવે છે, તેમ છતા ભૂમિ હાર માનતી નથી. પરંતુ સમાજને પૂછે છે કે, શું તમે પણ તમારી ગણતરી માણસોમાં કરો છો? કે પછી તમે તમારી જાતને ભક્ષક માની ચુક્યા છો? ટ્રેલરમાં ભૂમિ પેડનેકર, સંજય મિશ્રા, આદિત્ય શ્રીવાસ્તવ અને સાઈ તામ્હણકરની દમદાર એક્ટિંગ જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે ફિલ્મની કહાની ભક્ષક ન્યાય માટે એક અતૂટ ખોજની જર્ની વિશે બતાવે છે. ખોજી પત્રકારર વૈશાલી સિંહની કહાની છે જે મહિલાઓ વિરુદ્ધ અપરાધોની હકીકત ઉજાગર કરતા સમાજની સામે લાવે છે. શાહરુખ ખાને ઈન્સ્ટાગ્રામ પર ટ્રેલર શેર કરતા લખ્યુ છે કે રેજિલેન્સની એક કહાની જે દરેકને જણાવવી ખૂબ જરૂરી છે. સત્ય ઘટનાઓથી પ્રેરિક ફિલ્મ ભક્ષક ૯ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થશે, માત્ર નેટફ્લિક્સ પર. આ ટ્રેલર રિલીઝ કર્યા પછી યુઝર્સ હાર્ટ ઈમોજીસ અને કોમેન્ટ સેક્શનને ભરી દીધુ છે. એક યુઝરે કોમેન્ટમાં લખ્યુ છે કે અમારા સુધી પહોંચાડવા માટે ધન્યવાદ, જ્યારે બીજા એક યુઝર્સે લખ્યુ છે કે સર તમે અમારો દિવસ સુધારી દીધો.

આમ, ટ્રેલર રિલીઝ કર્યા પછી ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ અપ કમિંગ ક્રાઈમ ડ્રામા ‘ભક્ષક’ સાચી ઘટનાઓથી પ્રેરિત છે, જેનું પ્રીમિયર નેટફ્લિક્સ ઈન્ડિયા પર થશે. આ રેડ ચિલીઝ એન્ટરટેનમેન્ટની પ્રસ્તુતિ છે જેમના નિર્માતા ગૌરી ખાન અને ગૌરવ વર્મા છે. ફિલ્મનું નિર્દેશન પુલકિતે કર્યુ છે. ભૂમિ સિવાય આ ફિલ્મમાં સંજય મિશ્રા, આદિત્ય શ્રીવાસ્તવ અને સાઈ તામ્હણકર જેવા સિતારાઓ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. જો કે ફેન્સ આ રોલમાં ભૂમિને જોવા માટે સુપર એક્સાઈટેડ છે.

### લગ્નના મહેમાનો ગુલાબી પાઘડીમાં જોવા મળ્યા

# સની અને બોબીએ કર્યો જોરદાર ડાન્સ

## ઉદયપુરમાં ધર્મેન્દ્રની પૌત્રી નિકિતાના લગ્ન દરમ્યિાન સુંદર તાજ અરાવલી રિસોર્ટમાં પંજાબી રીત-રિવાજ મુજબ કરવામાં આવ્યા હતા





આ લગ્નમાં અભિનેતા ધર્મેન્દ્ર સાથે તેની પહેલી પત્ની પ્રકાશ કૌર અને તેના બે પુત્રો સની અને બોબી દેઓલ હાજર રહ્યા હતા. જણાવી દઈએ કે, વરરાજા ઋષભ સફેદ શેરવાનીમાં ઘોડી પર સવાર થઈને આવ્યો હતો. ધર્મેન્દ્ર સહિત દેઓલ પરિવારે ઋષભનું સ્વાગત કર્યું હતું. લગ્નના મહેમાનો ગુલાબી પાઘડીમાં જોવા મળ્યા હતા. જણાવી દઈએ કે, નિકિતા ધર્મેન્દ્રની દીકરી અજિતાની દીકરી છે. ધર્મેન્દ્રના પુત્ર અને દુલ્હનના મામા સની અને બોબી દેઓલે લગ્નમાં જોરશોરથી ડાન્સ કર્યો હતો. આ દરમિયાન, ધર્મેન્દ્રની પત્ની પ્રકાશ કૌરે લગ્ન બાદ નવવિવાહિત યુગલને આશીર્વાદ આપ્યા હતા. ધર્મેન્દ્રનો જમાઈ ઋષભ રાત્રે ૯:૩૦ વાગ્યે ઘોડી પર સવાર થઈને ત્યાં પહોંચ્યો હતો. જે બાદ ૧૦ વાગ્યે સભા સમારોહ યોજાયો હતો. ધર્મેન્દ્ર અને દેઓલ પરિવારે લગ્નના મહેમાનોનું સ્વાગત કર્યું હતું. દુલ્હનના મામા અભય દેઓલ અલગ જ રંગમાં જોવા મળ્યા હતા. તેણે મહેમાનો સાથેનો પોતાનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ લગ્નમાં અભિનેતા બોબી દેઓલ તેની તાજેતરમાં રીલિઝ થયેલી ફિલ્મ ‘એનિમલ’ના ગીત જમાલુ પર માથા પર કાચ રાખીને ડાન્સ કરતો જોવા મળ્યો હતો. જણાવી દઈએ કે, રિસેપ્શનમાં સમગ્ર ડેકોરેશન પીળા લેમ્પ્સથી કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, આજે એટલે કે ગુરુવારે દેઓલ પરિવારના સભ્યો અને મહેમાનો હોટલમાંથી મુંબઈ માટે રવાના થશે. નિકિતા અભિનેતા ધર્મેન્દ્ર અને પ્રકાશ કૌરની પુત્રી અજીતાની પુત્રી છે. અજીતા લગ્ન બાદથી અમેરિકામાં રહે છે. તેનો જમાઈ ઋષભ અમેરિકા સ્થિત NRI છે.



### દેવાનંદનો આ એક મહાન સંગ્રહ છે

# દેવાનંદના મોતના વર્ષો બાદ આ સુપરસ્ટારની કિંમતી વસ્તુઓની હરાજી

જોની બુરે કામ તો કરતા હે લેકીન ઈમાન કે સાથ. જિંદગી કે દો હિસ્સે હોતે હે, એક સવાલ દૂસરા જવાબ’ જેવા સંવાદો સાથે લોકોના હૃદયમાં હંમેશા જીવંત રહેનાર દેવાનંદ ફિલ્મી પડદાનો સૌથી યુવા ચહેરો હતો, જેના વ્યક્તિત્વમાં અદભૂત તાજગી હતી અને જેનું હુનર હિરાની જેમ ચમકતું હતું. ભલે આજે તેઓ આપણી વચ્ચે નથી, પરંતુ તેમના અજોડ અભિનય અને ઉત્કૃષ્ટ દિગ્દર્શન આજે પણ ફિલ્મી પડદાનું ગૌરવ છે.

જો તમે પણ દેવાનંદના ચાહક છો, તો તમારી પાસે એક સુવર્ણ તક છે. તમે પણ આ આયોજનમાં ભાગ લઈ શકો છો. અહીં દેવાનંદની ફિલ્મોના ન જોયેલા પોસ્ટર અને તસવીરો પર બોલી લગાવવામાં આવશે. ૨૦૨૩ માં, સત્યજિત રે, અમિતાભ બચ્ચનની બચ્ચનલિયા અને રાજ કપૂરની યાદગાર વસ્તુઓની હરાજીની સફળતા સાથે ડેરિવેઝ એન્ડ ઈવ્સ દ્વારા ઓનલાઈન હરાજીનું અદ્ભુત પ્રદર્શન હતું અને હવે ૨૦૨૪ ની શરૂઆતમાં આ ઑનલાઈન હરાજી દેવનંદની દુર્લભ વસ્તુઓની અત્યાર સુધીની સૌથી મોટી હરાજી હશે. દેવાનંદનો આ એક મહાન સંગ્રહ છે. બાજી, કાલા બજાર, C.I.D, કાલા પાની, ગાઈડ, તેરે ઘર કે સામને, હરે રામા હરે ક્રિષ્ના, જોની મેરા નામ, હીરા પન્ના જેવા ક્લાસિકથી લઈને દુર્લભ અને જૂના ફોટોગ્રાફિક ફોટોગ્રાફ્સ, પોસ્ટરો, શોકાર્ડ્સ, લોબી કાર્ડ્સ વગેરેનો પણ સમાવેશ થાય છે.

તેમની ઓછી જાણીતી ફિલ્મો જેવી કે આરામ, મિલાપ, માયા, મંઝીલ, કહીં ઔર ચલ, બારિશ, બાત એક રાત કી, સરહદ, કિનારે કિનારે વગેરે ગીતોની પુસ્તિકાઓ છે. હાઈલાઈટ્સમાં સોલહ કાલા બજાર (૧૯૬૦) અને જોની મેરા નામ (૧૯૭૦) લોબી કાર્ડનો એક દુર્લભ સેટ, ગાઈડ (૧૯૬૫)ના આઠ પ્રથમ પ્રમોશનલ બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફિક સ્ટિલ, હરે રામા હરે કૃષ્ણ (૧૯૭૧)ના પંદર રંગીન ફોટોગ્રાફિક સ્ટિલનો સમાવેશ થાય છે. મુનીમજી (૧૯૫૫), મિલાપ (૧૯૫૫), સરહદ (૧૯૬૦), માયા (૧૯૬૧), મંઝીલ (૧૯૬૦), કિનારે કિનારે (૧૯૬૩), ગાઈડ (૧૯૬૫), ગેમ્બલર (૧૯૭૩), ડાર્લિંગ ડાર્લિંગ પોસ્ટર્સના દુર્લભ અને સુંદર ડિઝાઈન કરેલા સેટ ૧૯૭૭), અને કાલા પાની (૧૯૫૮), કિનારે કિનારે (૧૯૬૩), બનારસી બાબુ (૧૯૭૩) અને અમીર ગરીબ (૧૯૭૪) ના અનન્ય ભારતીય કોલાજડ હાથથી બનાવેલા શોકાર્ડ.

ડેરિવાઝ એન્ડ ઈવ્સ ફિલ્મ વિભાગના વરિષ્ઠ પ્રવક્તા એસએમએમ ઔસજા આગળ સમજાવે છે કે “પબાઝીનો નાનો પ્રખ્યાત બ્લેક એન્ડ વ્હાઈટ સિલ્વર જિલેટીન ફોટોગ્રાફ, આંતરરાષ્ટ્રીય લૉન્ચ માટે બનાવેલ માર્ગદર્શક ફોટોગ્રાફિક પબ્લિસિટી સ્ટિલ, સરહદ માટે પ્રમોશનલ અને ગીત પુસ્તિકાઓ, સંપૂર્ણ સેટ બ્લેક માર્કેટ લોબી કાર્ડ્સ આ હરાજીમાં કેટલીક યાદગાર વસ્તુઓ છે. www.derivaz-ives.com પર ઓનલાઈન હરાજી ગુરુવાર, ૮ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સાંજે ૭ વાગ્યે બંધ થશે. હરાજી માટે રજીસ્ટ્રેશન ૨ ફેબ્રુઆરીથી શરૂ થશે.



### ફરીથી ખુલશે 3 વર્ષ જૂનો કેસ!

# BB 17 જીત્યા બાદ મુનવ્વર ફારૂકી ફરી ભરાશે?

## સ્ટેન્ડ-અપ કૉમેડિયન અને બિગ બોસ ૧૭ના વિનર મુનવ્વર ફારૂકી પર આ FRI સ્થાનિક બીજેપી ધારાસભ્ય માલિની લક્ષ્મણ સિંહ ગૌડના દીકરા એકલવ્ય સિંહ ગૌડે નોંધાવી હતી



સ્ટેન્ડ-અપ કોમેડિયન અને બિગ બોસ ૧૭ના વિનર બનેલા મુનવ્વર ફારૂકીની વર્ષ ૨૦૨૧માં ઈન્દોરમાં એક સ્ટેન્ડ-અપ કોમેડી ઈવેન્ટ દરમિયાન ભગવાન રામ વિશે કેટલીક અસંવેદનશીલ ટિપ્પણી કરવા માટે ધરપકડ કરવામાં આવી હતી. જો કે આ ઘટના બાદ તેની ધરપકડ કરવામાં આવી અને પછી ફરિયાદના આધારે જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો, પરંતુ આશરે ૩૫ દિવસ જેલમાં રહ્યાં બાદ તેને જામીન મળી ગયાં. આ મામલે મુનવ્વર ફારૂકી અને તેની મંડળીના ૪ અન્ય સભ્યો વિરુદ્ધ ધારા ૨૯૫-એ (કોઈપણ વર્ગ કે ધર્મ કે ધાર્મિક વિશ્વાસનું અપમાન કરીને તેની ધાર્મિક ભાવનાઓને દુભાવવાના ઈરાદે જાણી જોઈને અને દુર્ભાવનાપૂર્ણ કરવામાં આવેલ કૃત્ય) અંતર્ગત કેસ ફાઈલ કરવામાં આવ્યો હતો. મુનવ્વર ફારૂકી પર આ FRI સ્થાનિક બીજેપી ધારાસભ્ય માલિની લક્ષ્મણ સિંહ ગૌડના દીકરા એકલવ્ય સિંહ ગૌડે નોંધાવી હતી. મુનવ્વર ૬ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ જેલમાંથી બહાર આવી ગયો હતો. ઘટના બાદ ફારૂકીને ઓનલાઈન અને ઓફલાઈન સતત ટ્રોલિંગનો શિકાર બનવું પડ્યું અને તેણે ઘણા લાઈવ શો કેન્સલ કરવા પડ્યાં. હવે બિગ બોસ ૧૭ જીતિયા બાદ ફરી એકવાર મુનવ્વર ફારૂકી ચર્ચામાં છે અને કહેવામાં આવી રહ્યું છે કે ૩ વર્ષ જૂના આ કેસમાં તે ફરી મુશ્કેલીમાં મુકાઈ શકે છે. ખરેખર, પ્રોસીક્યુશન વિભાગના સીનિયર અધિકારીએ ખુલાસો કર્યો કે પોલીસ વિભાગે રાજ્ય સરકારને વિનંતી કરી છે કે તેને ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ભારતીય ભારતીય દંડ સંહિતાની ધારા ૨૯૫-એ અંતર્ગત સ્ટેન્ડ-અપ કોમેડિયન વિરુદ્ધ આરોપ પત્ર દાખલ કરવાની પરવાનગી આપવામાં આવે. દંડ પ્રક્રિયા સંહિતા સીઆરપીસી)ના નિયમો અનુસાર, ભારતીય દંડ સંહિતાની ધારા ૨૯૫-એ અંતર્ગત નોંધવામાં આવેલા કેસમાં આરોપ પત્ર રજૂ કરતાં પહેલા રાજ્ય સરકારની પરવાનગી જરૂરી છે. તુકોગંજ પોલીસ થાણા પ્રભારી જીતેન્દ્ર યાદવે પીટીઆઈને જણાવ્યું કે, આ મામલે અમારી તપાસ ચાલી રહી છે અને હજું સુધી કોર્ટમાં આરોપપત્ર દાખલ કરવામાં નથી આવ્યો. તે રિપોર્ટ અનુસાર, પ્રોસીક્યુશન વિભાગના સીનિયર અધિકારીએ કહ્યું કે, વિલંબ પ્રદેશ સરકારની પરવાનગીના કારણે થયો છે, જે બાદ બિગ બોસ ૧૭ના મુનવ્વર ફારુકી વિરુદ્ધ ક્રિમિનલ પ્રોસિજર કોડ અનુસાર આરોપ પત્ર દાખલ કરવામાં આવશે. જણાવી દઈએ કે મુનવ્વર ફારૂકી હાલમાં જ રિયાલીટી ટીવી શો ‘બિગ બોસ ૧૭’નો વિજેતા બન્યો છે. બિગ બોસનો ખિતાબ જીત્યા બાદ મુનવ્વરને બિગ બોસની ટ્રોફી, ૫૦ લાખ રૂપિયા અને એક શાનદાર ગાડી ઈનામ તરીકે મળી છે.

### અંકિતાએ શેર કર્યા ગુડ ન્યૂઝ


# ‘બિગ-બોસ’માંથી બહાર આવતા અંકિતા લોખંડેને મળી મોટી ફિલ્મ



બિગ બોસ ૧૭ દરમિયાન ટીવી એક્ટ્રેસ અંકિતા લોખંડેનું નામ ખૂબ ચર્ચામાં રહ્યું. એક્ટ્રેસ શો દરમિયાન પતિ વિક્કી જૈન સાથે ચાલતી ખટપટના કારણે સતત ચર્ચામાં રહી. સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સે તો ત્યાં સુધી કહેવાનું શરૂ કરી દીધું કે અંકિતા અને વિક્કીના સંબંધો ખતરામાં છે. બિગ બોસ ૧૭ની આ સીઝનનો વિનર મુનવ્વર ફારૂકી બન્યો છે. અંકિતા લોખંડે ભલે શોની આ સીઝનની વિનર ન બની શકી હોય, પરંતુ તેની કિસ્મત જરૂર ખુલી ગઈ છે. ફિનાલેના બે દિવસ બાદ હવે અંકિતા લોખંડે ફરી એકવાર મોટી સ્ક્રીન પર પરત આવવા માટે તૈયાર છે. જી હા, અંકિતા લોખંડે જલ્દી જ રણદીપ હુડા સ્ટારર ‘સ્વતંત્ર વીર સાવરકર’માં જોવા મળશે. મંગળવારે, અંકિતાએ પોતાના એક્સ (પહેલા ટ્વિટર) હેન્ડલ પર અપકમિંગ ફિલ્મને લઈને એક મોટુ એલાન કર્યુ, જે ૨૨ માર્ચ ૨૦૨૪એ થિયેટરમાં રિલીઝ થશે. તેણે પોતાની પોસ્ટમાં જણાવ્યું કે, બિગ બોસ ૧૭ બાદ હવે તે મોટી સ્ક્રીન દ્વારા ફેન્સ વચ્ચે દસ્તક આપવા જઈ રહી છે. એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં તે પણ ઉલ્લેખ કર્યો છે કે, બિગ બોસ ૧૭ બાદ આ ‘નવા ચેપ્ટર’ને શરૂ કરવાને લઈને ખૂબ જ ખુશ છે. એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં લખ્યુ, ઈતિહાસના અધ્યાયોથી ગુમ નેતાને પ્રકાશમાં લાવવા! ᛗ૧૭ પછી તરત જ એક નવો અધ્યાય શરૂ કરવો વધુ શાનદાર લાગે છે. આનંદ પંડિત અને રણદીપ હુડ્ડા સાથે આ પ્રોજેક્ટનો ભાગ બનવા માટે આભારી છું, ૨૨ માર્ચ ૨૦૨૪એ તમારા નજીકના સિનેમાઘરોમાં જોવાનું ન ભૂલશો. સ્વતંત્ર વીર સાવરકર વિનાયક દામોદર સાવરકરની બાયોપિક છે. આ ફિલ્મ ડાયરેક્ટરના રૂપમાં રણદીપ હુડાની પહેલી ફિલ્મ છે, જેમાં તે લીડ રોલમાં જોવા મળશે. પાછલા વર્ષે ફિલ્મ કાનૂની વિવાદમાં ફસાઈ હતી. ખરેખર, રણદીપ હુડાએ એક નિવેદન જાહેર કરીને ફિલ્મ પર પૂર્ણ સ્વામિત્વનો દાવો કર્યો હતો. જ્યારે પહેલા મહેશ માંજરેકર, પહેલા બાયોપિકનું ડાયરેક્શન કરવાના હતાં. તેણે તેવો દાવો કર્યો હતો કે તેણે રણદીપ હુડાના હસ્તક્ષેપના કારણે પ્લાનિંગ છોડી દીધું હતું.

# નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ ૨૦૨૪-૨૫ના વર્ષના રજૂ કરેલા બજેટને આવકારતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## પોષણ-આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાના હોલિસ્ટિક એપ્રોચ સાથે ત્રણ નવી યોજનાઓ: નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, નમોશ્રી યોજના



। (માહિતી) ગાંધીનગર, તા.૨ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટને સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા વિકસિત ભારતજ૨૦૪૭ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરનારું બજેટ ગણાવ્યું છે. નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વિધાન સભાગૃહમાં રજૂ કરેલા રાજ્યના બજેટને આવકારતા મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે સમગ્ર સમાજના સર્વગ્રાહી વિકાસ સાથે ખાસ કરીને ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને વિશેષ પ્રાધાન્ય આપીને તેમના વિકાસને પ્રોત્સાહિત કરતું આ બજેટ છે.

તેમણે ઉમેર્યું હતું કે ગયા વર્ષે ઐતિહાસિક રૂપિયા ૩ લાખ કરોડનું વિકાસલક્ષી બજેટ આપ્યું હતું. આ વર્ષે ફરી એકવાર તેમાં ૧૦ ટકાનો વધારો કરીને ૩ લાખ ૩૨ હજાર કરોડની માતબર જોગવાઈઓ વાળું બજેટ જનતા જનાર્દનની સેવામાં અમે લાવ્યા છીએ.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે પ્રુડન્ટ ફાયનાન્સિયલ મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે, તેની સરાહના કરતા ઉમેર્યું કે ગુજરાતનું જાહેર દેવું અત્યાર સુધીના વર્ષોમાં સૌથી ઓછું થયું છે. ૨૦૨૨-૨૩ના હિસાબ ફાઈનલ થયા છે, તે મુજબ રાજ્યનું કુલ દેવું જી.એસ.ડી.પી.ના ૧૫.૧૭ ટકા છે. પાછલાં દસ વર્ષનું આ સૌથી ઓછું દેવું છે અને દેશનાં સૌથી ઓછું દેણું ધરાવતાં ત્રણ મોટાં રાજ્યોમાં ગુજરાતે સ્થાન મેળવ્યું છે.

ગુજરાતના ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી અને બજેટ મેનેજમેન્ટ એક્ટ મુજબ વિધાનસભાએ રાજ્ય સરકારને જી.એસ.ડી.પી.ના ૨૭ ટકા સુધી દેવું વધારવા માટે છૂટ આપેલી છે. આમ છતાં ગુજરાત સરકારે માત્ર ૧૫.૧૭ ટકાનો જ ઉપયોગ કર્યો છે. દેશના ૨૧ રાજ્યોમાં આ આંકડો ૨૭ ટકાથી વધારે છે, ત્યારે ગુજરાતે નાણાંકીય શિસ્તનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે, તેનું તેમણે ગૌરવ કર્યું હતું.

# શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ નખત્રાણા તાલુકાના દ્રષ્ટીની ખામીવાળા ૧૨૫ બાળકોને નિ:શુલ્ક ચશ્મા વિતરણ



। (માહિતી) ભુજ, તા.૨ ।

રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમના નેશનલ પ્રોગ્રામ ફોર કંટ્રોલ ઓફ બ્લાઈન્ડનેસ એન્ડ વિઝયુઅલ એમ્પીયરમેન્ટ (NPCB & Vi)અંતર્ગત નખત્રાણા તાલુકા આરોગ્ય કચેરી તરફથી નખત્રાણાની વિવિધ શાળાઓનાં બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.આર. ફુલમાલી અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. એ. કે. પ્રસાદના માર્ગદર્શન હેઠળ આર.બી.એસ.કે નોડલ ઓફિસર ડૉ. અજય ત્રિવેદીની આગેવાનીમાં આર.બી.એસ. કે. ટીમના ડો. શૈલી શુક્લા, ડો. અનિલ પંડ્યા અને ડો.કશ્યપ ડોડીયા દ્વારા નખત્રાણાની વિવિધ શાળાઓનાં બાળકોના આરોગ્યની તપાસણીમાં ૨૪૫ બાળકોની તપાસ કરતા ૧૨૫ બાળકોમાં દ્રષ્ટિની ખામી જણાઈ આવી હતી. આ બાળકોને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતા. બાળકોની આંખોની ચકાસણી આપટરો મેટ્રિસ્ટ કાર્તિકભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી. આ કામગીરીમાં આર.બી.એસ. કે ટીમના હીનાબેન લોચા, દિવ્યાબેન, ભક્તિબેન દરજી, લીનાબેન સુતરીયા તથા તાલુકા સુપરવાઈઝર સુલેમાનભાઈ પિંજારાએ જરૂરી સહયોગ આપ્યો હતો.

# ઝાલોદ નગરના બાંસવાડા બાયપાસના બિસ્માર રોડ પ્રત્યે તંત્ર ઉદાસીન : કેટલીય રજૂઆત બાદ પણ કોઈ કામગીરી નહીં

## બાંસવાડા હાઇવે પર ઉબડખાબડ રોડને લઈ ગંભીર અકસ્માતનો તોળાતો ભય


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ નગરના ધાવડીયા ચેક પોસ્ટ થઈ નાનસલાઈ જતો બાયપાસ હાઈવે કેટલાય વર્ષો થી નવીન બનાવવા માંગણી કરવામાં આવેલ છે. પરંતુ જાડી ચામડીના અધિકારીઓ રોડ ન બનાવવાનું હોય તેમ વિચારી બેઠા હોય તેમ લાગી રહ્યું છે. કેટલીય આ રસ્તાને લઈ અરજીઓ કરી નવીન બનાવવા માંગ કરેલ છે પરંતુ પરિણામ કઈ આવતું નથી. આ રોડ આખો હાલક ડોલક અને બિસ્માર છે. આખા રોડ પર અસંખ્ય ખાડ-ાઓ છે તેમજ રોડનું સમતુલન પણ નથી તેને લઈ જવાબદાર તંત્રની નિષ્ક્રિયતા જોવા મળી રહેલ છે.

આ રોડ તૂટેલો હોવાથી ઘણાં ખરા મોટા વાહન આ માર્ગે ન જઈ નગર માંથી પસાર થાય છે. બાયપાસ પર તૂટેલા રોડને લઈ નગરમાં મોટા વાહન પ્રવેશતા નગરમાં ટ્રાફિક જામના દ્રશ્યો ઘણી વાર જોવા મળે છે. વળી બાયપાસ હોવા છતાં અમુક મોટા વાહન ચલાવનારને નગરમાંથી ન નીકળવાનું કહેતા તેઓને બાયપાસ પર તૂટેલા માર્ગને લઈ અકસ્માતનો ડર લાગે એમ સાંભળવા મળેલ છે. બાયપાસ રોડ પર કેટલીય વાર અકસ્માતના બનાવો બનેલ છે તેમજ ભરેલું વાહન રોડના અસમતુલન અને ભંગાર રસ્તાને લઈ પલ્ટી ખાઈ ગયેલ હોય તેવી પણ ઘટનાઓ સર્જાઈ છે. મોટા વાહનને બિસ્માર રોડને લઈ અકસ્માત કે વાહન પલ્ટી ખાતાં લાખો રૂપિયાનું નુકશાન થયેલ છે તે માટે જવાબદાર કોણ..., બિસ્માર રસ્તાને લઈ અકસ્માત થતાં ઘણા વ્યક્તિઓએ જીવ પણ ગુમાવેલ છે તે માટે જવાબદાર કોણ.....

નગરના જાગૃત લોકો, સાંસદ, ધારાસભ્ય દ્વારા પણ આ રોડ બનાવવા માટે માંગણી કરેલ છે પરંતુ આ રોડ આજ સુધી બનાવવામાં આવેલ નથી. નગરમાં ચાલતી ચર્ચા મુજબ આ રોડના નાણાં જે તે જવાબદાર કોન્ટ્રાક્ટર દ્વારા કે એજંસી દ્વારા બારોબાર ખવાઈ ગયા છે એટલે આ રોડ નથી બની રહ્યો એમ લોકોનું માનવું છે કેમકે આજકાલ કેટલાય નકલી કામના કૌભાંડ દિન પ્રતિદિન બહાર આવી રહેલ છે તો આ બાયપાસ નવીન ન બનતાં લોકોમાં એવી શંકા છે કે આ બાયપાસનું કૌભાંડમાં બહાર આવે તો નવાઈ નહીં, હાલતો આ સાંભળ્યા મુજબની વાતો છે પરંતુ જો આ માર્ગ કોઈ કૌભાંડમાં ન આવેલ હોય તો જવાબદાર વહીવટી તંત્ર તાત્કાલિક પગલાં લઈ આ માર્ગનું નવીનીકરણ કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# એથ્લેટીક્સ, યોગાસન, ચેસ, શુટિંગબોલ, રસ્સાખેંચ, કેરમ જેવી રમતોની જિલ્લા કક્ષા સિનીયર સિટીજન સ્પર્ધા યોજાઈ

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે આયોજન



। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના રાણીપ વિસ્તારની કે. આર. રાવલ સ્કૂલ ખાતે એથ્લેટીક્સ, યોગાસન, ચેસ, શુટિંગબોલ, રસ્સાખેંચ, કેરમ જેવી રમતોની જિલ્લા કક્ષા સિનીયર સિટીજન સ્પર્ધા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવી હતી તથા જિલ્લા રમત ગમત અધિકારી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા સંચાલિત કરવામાં આવી હતી. આ



સ્પર્ધાઓમાં ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# 'શુભયાત્રા, સ્વચ્છ યાત્રા' જિલ્લો ડાંગ - આહવા બસ ડેપોને સ્વચ્છતા અંગેના ચિત્રોથી સુશોભિત કરાયો

। (માહિતી) સુરત, તા.૨ ।

ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ, GSRTCના 'શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા' અભિયાન અંતર્ગત, રાજ્યમા બસ ડેપોમા વિશેષ સફાઈ અભિયાન તેમજ જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામા આવી રહી છે. વલસાડ એસ.ટી.ડિવિઝનના વિભાગીય નિયામક શ્રી એન.એસ.પટેલના નેજા હેઠળ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત ડેપો મેનેજર શ્રી કિશોરસિંહ પરમાર દ્વારા 'શુભયાત્રા, સ્વચ્છ યાત્રા' અંતર્ગત ડાંગ જિલ્લામા પણ વિશેષ સ્વચ્છતા અંગેની પ્રવૃતિઓ હાથ ધરવામા આવી રહી છે. 'શુભયાત્રા, સ્વચ્છ યાત્રા' કાર્યક્રમ અંતર્ગત આહવા એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અંગેના વિવિધ સુશોભિત ચિત્રો દોરવામા આવ્યા છે. શ્રી કિશોરસિંહ પરમારે જણાવ્યુ હતુ કે, સ્વચ્છ બસ સ્ટેન્ડ, અને સ્વચ્છ યાત્રા માટે એસ. ટી વિભાગ કટ્ટીબધ્ધ છે ત્યારે, બસ સ્ટેન્ડને સ્વચ્છ બનાવી વિદ્યાર્થીઓ, મુસાફરો અને લોકોમા સ્વચ્છતા જાળવણી અંગે જાગૃતિ આવે તે માટે ખાસ સ્લોગન સાથેના ભીત ચિત્રો, બસ સ્ટેન્ડમાં દોરવામા આવ્યા છે. આ સાથે જ વારલી ભીત ચિત્રોથી બસ સ્ટેન્ડને અતિં સુંદર બનાવવામા આવ્યુ છે. મુખ્ય મથક આહવાના તાબા હેઠળ આવતા વઘઇ એસ.ટી ડેપોને પણ સુશોભિત કરવાની કામગીરી ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, આહવા એસ.ટી ડેપો દ્વારા 'શુભયાત્રા, સ્વચ્છ યાત્રા' કાર્યક્રમ અંતર્ગત જિલ્લામા સ્વચ્છતા જાગૃતિ અંગેના નાટકો, રેલી અને સ્વચ્છતાની વિવિધ પ્રવૃતિઓ યોજવામા આવી હતી.

## અમદાવાદમાં યોજાશે નેશનલ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ જુનિયર એથલેટિક્સ મીટ ૨૦૨૪

# ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓએ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત કરી સ્થળ નિરીક્ષણ કર્યું



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાત નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ-૨૦૨૪નું યજમાન બન્યું છે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જેને પગલે ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીના ઉચ્ચ અધિકારીશ્રીઓએ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે રમતોના આયોજન માટે સ્થળની સમીક્ષા કરી. અધિકારીશ્રીઓએ કેમ્પસમાં આવેલી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું અને ચાલી રહેલા કાર્યની પ્રગતિ વિષયક સમીક્ષા કરી હતી. આ મુલાકાતમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી આર. એસ. નિનામા, સચિવ શ્રી આઈ. આર. વાળા, ઓ. એસ.ડી. ડૉ. પ્રો.અર્જુનસિંહ રાણા તથા એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ઓફિશિયલ્સ તેમજ એસ.એ.જી.ની ટીમના અન્ય સભ્યો સામેલ થયા હતા.

ઉલ્લેખનીય છે કે, નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ (NIDJAM) એ વાર્ષિક મીટ છે. જેમાં ૫૦૦થી વધુ જિલ્લાઓના ૫૦,૦૦૦થી વધુ એથ્લિટ્સ જોડાય છે. અને ફાઈનલ તબક્કામાં ૫,૦૦૦ એથ્લિટ્સ જોડાય છે. 'નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથલેટિક્સ મીટ ૨૦૨૪' (NIDJAM) દેશના ખૂણે-ખૂણે તાલીમ પામેલા અંડર ૧૪ અને અંડર ૧૬ ખેલાડીઓ માટે કૌવત દર્શાવવાનું આ મજબૂત પ્લેટફોર્મ છે. જેમાં ટ્રાઈથલોન, શોટપૂટ, ડીસ્કસ થ્રો, હાઈ જમ્પ, હર્ડલ્સ વગેરે જેવી રમતોની સ્પર્ધા યોજવામાં આવે છે.

એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા પ્રોત્સાહિત આ ઈવેન્ટ રેડ-ટેપ મુક્ત વાતાવરણને પ્રોત્સાહિત કરવા અને સંપૂર્ણ પારદર્શકતાના ધ્યેય સાથે યોજવામાં આવે છે. તેની શરૂઆત ૨૦૦૩માં કરવામાં આવી હતી. જે કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલય દ્વારા સમર્થિત છે. આ અગાઉનું સંસ્કરણ બિહારના પટણા ખાતે આયોજિત કરવામાં આવ્યું હતું.

# ચોટીલા આસિસ્ટન્ટ કલેક્ટર કલ્પેશકુમાર શર્માના અધ્યક્ષસ્થાને નેશનલ હાઈવે-૪૭ પર દબાણ, આડેધડ પાર્કિંગ અને ટ્રાફિક જામની સમસ્યાને લઈ બેઠક યોજાઈ

। (માહિતી બ્યુરો) સુરેન્દ્રનગર, તા.૨ ।

ચોટીલા આસિસ્ટન્ટ કલેકટરશ્રી કલ્પેશ કુમાર શર્માના અધ્યક્ષસ્થાને ચોટીલા શહેરમાં થી પસાર થતાં નેશનલ હાઈવે-૪૭ પર ચોટીલા શહેરી વિસ્તારમાં દબાણ, આડેધડ પાર્કિંગ અને ટ્રાફિક જામની સમસ્યાને ધ્યાને લઈ એક બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી, ગુજરાત રાજ્ય પરિવહન વિભાગ, તાલુકા પંચાયત અને પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં આસિસ્ટન્ટ કલેક્ટરશ્રી કલ્પેશ કુમાર શર્માએ ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને વિગતવાર માર્ગદર્શન આપી વિવિધ સૂચનો કર્યા હતા. આ બેઠક બાદ આસિસ્ટન્ટ કલેકટરશ્રીના માર્ગદર્શન મુજબ હાઈવેની જમીન પર અતિક્રમણ કરનાર દુકાનદારો, હોટેલ માલિકો અને ધંધાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે એક ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

# ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આપત્તિ અન્વયે બચાવની પ્રવૃતિથી માહિતગાર થયા વિદ્યાર્થીઓ

। (માહિતી) ગીર સોમનાથ, તા.૨ ।

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગુજરાત સરકાર ગાંધીનગર જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તેમજ કલેક્ટર કચેરી ગીર સોમનાથ દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાની ૭૮ પ્રાથમિક શાળાઓમાં આપત્તિ દરમિયાન બચાવ પ્રયુક્તિ અન્વયે વિદ્યાર્થીઓમાં યોગ્ય સમજ કેળવાય તેવા હેતુસર વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ તેમજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂકંપ, વીજળી પડવી, પૂર આવવું, શૉક લાગવો, અકસ્માત થવો વગેરે કુદરતી તેમજ માનવસર્જિત દુર્ઘટનાઓમાં સાવચેતી માટે ક્યા ક્યા પ્રકારના પગલા લેવા? આપત્તિ સામે રક્ષણાત્મક પગલા લેવા, આફત પહેલા પૂર્વતૈયારીના ભાગરૂપે શું કરવું? આ તમામ બાબતો વિશે વિદ્યાર્થીઓને વિવિધ વિભાગો દ્વારા સેમિનાર અને નિદર્શન વડે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા ફાયર ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને ડેમોસ્ટ્રેશન તેમજ ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા વિવિધ પ્રાણીજન્ય આપત્તિઓ, વનીકરણ તેમજ ગ્લોબલ વોર્મિંગ ઉપર જાગૃતી કાર્યક્રમ, એઆરટીઓ દ્વારા રોડ સેફ્ટી વિષયક માહિતી, GVK-EMRI દ્વારા ૧૦૮ની વિવિધ સેવાઓ તથા કુદરતી અને માનવ સર્જિત આપત્તિ અન્વયે બચાવ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારૂં મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પ ર્યાપ્ત ધન નહિ હોય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ- જે તમારી આવકની ક્ષમતાને વધારશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. પ્રવાસ,મનોરંજન તથા લોક સાથે હળવું-મળવું આજે તમારા એજેન્ડા પર રહેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ- જે તમારી આવકની ક્ષમતાને વધારશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે- તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. સ્વતદ્દ રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. આ રાશિ ના વિદ્યાર્થીઓ આજે મોબાઈલ માં આખો દિવસ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ગૃહપ્રવેશ માટે શુભ દિવસ. તમારા પ્રિયપ ાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો. સાનુકૂળ ગ્રહો તમને આજે ખુશ થવાના અનેક કારણો આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.

### વધુ એક સાઉથના સ્ટારનો રાજકારણમાં પ્રવેશ

## વિજય થલાપતિએ તમિલાગા વેત્રી કઝગમ પક્ષ લોન્ચ કર્યો

। નવી મુંબઇ, તા.૨ ।

સાઉથના સ્ટાર વિજય થલાપતિની એક અલગ ઓળખ છે. રજનીકાંત પછી વિજયને લોકો સૌથી વધુ પસંદ કરે છે. વિજય તેની કોઈપણ ફિલ્મની જાહેરાત કરતાની સાથે જ તેના ચાહકોમાં તેનો ક્રેઝ વધી જાય છે. ચાહકો તેની ફિલ્મોની આતુરતાથી રાહ જોતા હોય છે. વિજય ઘણા સમયથી ફિલ્મો દ્વારા લોકોનું મનોરંજન કરી રહ્યો છે અને હવે તે રાજકારણમાં પ્રવેશ કરીને તેમના માટે કામ કરવા જઈ રહ્યો છે. મળતા અહેવાલ પ્રમાણે, સાઉથ સ્ટાર વિજયે લોકસભા ચૂંટણી પહેલા રાજકારણમાં પ્રવેશ કર્યો છે. તેમણે પોતાની પાર્ટીનું નામ પણ જાહેર કર્યું છે. વિજયે પોતાની પાર્ટીનું નામ તમિલાગા વેત્રી કઝગમ રાખ્યું છે. વિજયે પોતાના નિવેદનમાં કહ્યું - અમે અમારી પાર્ટી તમિલાગા વેત્રી કઝગમને રજીસ્ટર કરવા માટે આજે ચૂંટણી પંચને અરજી કરી રહ્યા છીએ. અમારો ઉદ્દેશ્ય આગામી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી લડવાનો અને જીતવાનો છે. એ પણ મૂળભૂત રાજકીય ફેરફારો લાવવા માટે, જે લોકો ઈચ્છે છે. એક્ટરે લોકસભાની ચૂંટણી પહેલાં પાર્ટીના નામની જાહેરાત કરી દીધી છે, પરંતુ તેઓ ચૂંટણી લડી રહ્યા નથી. તેમણે આ ખુલાસો પણ કર્યો છે. વિજયે એક નિવેદન જાહેર કરતા કહ્યું કે, તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડવાના નથી અને ન તો આ ચૂંટણીમાં કોઈ પાર્ટીને સમર્થન કરશે. અમે જનરલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માટે આ નિર્ણય લીધો છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો થોડા સમય પહેલા વિજયે તેની નવી ફિલ્મ ઁઘ્છ્ની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે પ્રભુદેવા, પ્રશાંત અને અજમલ જોવા મળશે.

## નીતિશ બાદ મમતા ઈન્ડિયા સાથે છેડો ફાડે એવી શક્યતા

। નવી દિલ્હી, તા.૨ ।

ઈન્ડિયા ગઠબંધનને વધુ એક મોટો આંચકો લાગવાની તૈયારી છે. નીતીશ કુમાર બાદ હવે તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજી પર ગઠબંધન સાથે છેડો ફાડી શકે છે. પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા કોંગ્રેસ અને ડાબેરી પક્ષો પર સતત હુમલા વચ્ચે ડાબેરી પક્ષોના નેતાઓએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. જેમાં તેમણે દાવો કર્યો કે તૃણમૂલ કોંગ્રેસ ટૂંક સમયમાં જ ઈન્ડિયા ગઠબંધનથી કિનારો કરી લેશે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા પ.બંગાળ પહોંચી ગઈ છે. ગુરુવારે ડાબેરી કાર્યકરો અને સમર્થકોની એક ભીડ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં જોડાઈ હતી. સીપીઆઈ (એમ) ના પ્રદેશ સચિવ મોહમ્મદ સલીમે પાર્ટીની કેન્દ્રીય સમિતિના સભ્ય સુજન ચક્રવર્તી અને અન્ય નેતાઓ સાથે રઘુનાથગંજ ખાતે રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. સીપીઆઈએમના પ્રદેશ સચિવ મોહમ્મદ સલીમે દાવો કર્યો કે ડાબેરી પક્ષો આરએસએસ-ભાજપ અને અન્યાય વિરુદ્ધ લડાઈનો હિસ્સો બનવા માટે કોંગ્રેસની આ યાત્રામાં જોડાયા છે. અમે ભાજપ અને આરએસએસ સામે લડી રહ્યા છે. રાહુલ ગાંધીની યાત્રા પણ તેના માટે જ છે. અમે ભારતના લોકતંત્રને બચાવવા માગીએ છીએ.




ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓ માટે બજેટ સત્રની પ્રક્રિયાને લગતા વિવિધ પાસાઓને આવરી લેતી એક દિવસીય કાર્યશાળા યોજાઈ.. વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કાર્યશાળાનો શુભારંભ કરાવ્યો.

### રાજ્યનું ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કરાયું

## મહિલા બાળ વિકાસ માટે ૬૮૮૫ કરોડની જોગવાઈ

**નમો લક્ષ્મી યોજનાની જાહેરાત, ૧૦ લાખ વિદ્યાર્થીનીને મળશે લાભ, જેના માટે ૧૨૫૦ કરોડની કરાઈ ફાળવણી**

। ગાંધીનગર, તા.૨ ।

નાણાપ્રધાન કનુ દેસાઈ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કર્યુ હતું. વિધાનસભા ગૃહમાં ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું બજેટ રજૂ કરાયું છે. ગુજરાતના બજેટમાં શિક્ષણ વિભાગ માટે ૫૫,૧૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ૬૮૮૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. જ્યારે અન્ય કેટલીક યોજનાઓની પણ જાહેરાત કરાઈ છે.

**મહિલાઓ-વિદ્યાર્થીનીઓ માટે થયેલી જાહેરાત**

- નમો શ્રી યોજનાની સગર્ભા અને ધાત્રી માતાઓ માટે જાહેરાત, જેના માટે ૭૫૦ કરોડ રૂપિયાની કરાઈ ફાળવણી.
- નમો લક્ષ્મી યોજનાની જાહેરાત, ૧૦ લાખ વિદ્યાર્થીનીઓને મળશે લાભ, જેના માટે ૧૨૫૦ કરોડ રૂપિયાની કરાઈ ફાળવણી.
- ધોરણ-૯ અને ૧૦ માટે વાર્ષિક ૧૦ હજર રૂપિયા તેમજ ધોરણ ૧૧ અને ૧૨ માટે વાર્ષિક ૧૫ હજાર રૂપિયાની સહાય અપાશે.
- આ યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને ધોરણ ૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કર્યેથી કુલ ૨૫ હજારની સહાય મળવાપાત્ર થશે.
- ઘરેલું હિંસા-જાતીય સતામણીનો ભોગ બનેલી મહિલાઓની મદદ માટે ૬૫ સેન્ટર કાર્યરત, ૧૫ નવા સેન્ટર શરૂ થશે.
- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેટળ વિધવા બહેનોને ૨૩૬૩ કરોડ રૂપિયાની જોગવાઈ.
- પૂરક પોષણ યોજના હેઠળ ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન.
- રાજ્યમાં ૨૦ હજાર આંગણવાડીને સ્માર્ટ બનાવાશે.
- બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પુરું પાડવા ૮૭૮ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ સર્ભા અને ધાત્રી માતાઓને ૧ હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી ૨ કિલો ચણા, એક કિલો તુવેરદાળ અને એક લીટર ખાદ્યતેલ અપાશે.
- વ્હાલી દિકરી યોજના હેઠળ સહાય અપવા ૨૫૨ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસિત જાતિની ૬૧ હજાર કન્યાઓને મામેરા માટે ૭૪ કરોડની જોગવાઈ.
- અંત્યોદય પરિવારોની ૫૦ હજાર મહિલાઓ લખપતિ બનવા સમર્થ બને તે માટે ૧૦૦ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અને પીએનજી-એલપીજી સહાય યોજનાના ૩૮ લાખ લાભાર્થીઓને બે વખત વિનામૂલ્યે ગેસ સિલીન્ડર રિફીલિંગ કરી આપવા ૫૦૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના હેઠળ બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓને ફ્લેવર્ડ ફોર્ટીફાઈડ દૂધ આપવા માટે ૧૩૨ કરોડની જોગવાઈ.
- પોષણ સુધા યોજના હેઠળ ૧૦૬ આદિજાતિ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને ગરમ ભોજન આપવા માટ૧૨૯ કરોડની જોગવાઈ.
- સુરતના નારી સંરક્ષણ કેન્દ્રના અદ્યતન અને નવીન સુવિધાઓ યુક્ત મકાનના બાંધકામ માટે ૧૬ કરોડની જોગવાઈ.

**શિક્ષણ અને વિદ્યાર્થીઓ માટે થયેલી જાહેરાત**

- શિક્ષણ વિભાગ માટે ૫૫,૧૧૪ કરોડની જોગવાઈ કરાઈ.
- રાજ્યની પ્રાથમિક શાળાઓમાં નવા ૧૫ હજાર ઓરડાઓ બની રહ્યા છે.
- નવા ૪૫ હજાર સ્માર્ટ ક્લાસરૂમ બનાવવાનું કામ ચાલુ છે.
- ૧૫ હજાર શાળાઓમાં ૨ લાખ કોમ્પ્યુટર આપવામાં આવશે.
- ૧૬૨ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરાશે.
- વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા નમો સરસ્વતી યોજના માટે ૨૫૦ કરોડની જોગવાઈ.
- મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ માટે ૩૦૦૦ કરોડ રુપિયાની જોગવાઈ.
- ધોરણ ૯ થી ૧૨ના એક લાખ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ સહાય માટે ૨૬૦ કરોડની જોગવાઈ
- પીએમ યશસ્વી શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૧૦ લાખ વિદ્યાર્થીઓ માટે ૫૦૪ કરોડ રૂપિયાની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસીત જાતિના ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ૩૬૦ કરોડ
- અનુસૂચિત જાતિના છાત્રાલયો અને આશ્રમશાળાના ૧ લાખ વિદ્યાર્થીઓ માટે ૩૩૫ કરોડ.

## ગુજરાતનું પ્રથમ બજેટ મુખ્યમંત્રી જીવરાજ મહેતાએ રજૂ કર્યું હતું

ગુજરાતમાં બજેટ સત્રનો આજે બીજો દિવસ છે ત્યારે રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈ વિધાનસભામાં ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કર્યું. બજેટમાં સરકાર નાગરિકોના હિતમાં કેટલીક મોટી જાહેરાતો કરી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં બજેટ રજૂ કરવાનો ઈતિહાસ પણ રસપ્રદ છે. મહારાષ્ટ્રમાંથી ગુજરાત છૂટુ પડ્યા બાદ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતાએ રાજ્યનું બજેટ રજૂ કર્યુ હતુ. જોકે તે સમયે બજેટનું કદ ૧૧૫ કરોડ રૂપિયા હતુ.

ગુજરાતનું પ્રથમ બજેટ ડૉ જીવરાજ મહેતાએ રજૂ કર્યુ હતુ. એ વખતે તેઓ મુખ્યમંત્રી પણ હતા અને નાણાંમંત્રીનો હવાલો પણ તેમની પાસે હતો. તારીખ ૨૨ ઓગસ્ટ ૧૯૬૦ના રોજ કામચલાઉ વિધાનસભા અમદાવાદ ખાતેથી પ્રથમ બજેટ રજૂ કરાયુ હતુ. આમ તો નાણાંકીય વર્ષ માર્ચ એપ્રિલમાં શરૂ થતુ હોય છે પરંતુ ગુજરાતનું પ્રથમ બજેટ ૨૨ ઓગસ્ટ ૧૯૬૦ના રોજ રજૂ થયુ હતુ. જેનું કારણ એ હતુ કે ૧ લી મેના રોજ ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું હતુ. જેના કારણે સ્વતંત્ર ગુજરાતનું પ્રથમ બજેટ ઓગસ્ટ માસમાં રજૂ કરાયુ હતુ.

ગુજરાતનું પ્રથમ બજેટ કુલ રૂપિયા ૧૧૫ કરોડનું હતુ. જેમાં મહેસુલી આવક ૫૪ કરોડ ૨૫ લાખ હતી અને ખર્ચા ૫૮ કરોડ ૧૨ લાખ હતો. આમ બજેટમાં ખાદ્ય રૂપિયા ૩ કરોડ ૮૭ લાખ હતી. અગાઉના સમયમાં પાઈએ પાઈનો હિસાબ બજેટમાં હતો. ત્યારબાદ ઉત્તરોત્તર બજેટનું વધ અનેક ગણું વધતુ ગયુ. સતત મુખ્યપ્રધાન રહેવાનો વિક્રમ ધરાવતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં પૂર્વ નાણામંત્રી તરીકે વજુભાઈ વાળાએ સતત ૧૮મી વખત રાજ્યનું બજેટ રજૂ કર્યુ. તો વળી વજુભાઈ વાળા એ મોદી સાશનમાં ૧૧મું અંદાજપત્ર રજૂ કરીને અનોખો વિક્રમ પણ રચ્યો હતો.

ગુજરાતનું આજનું બજેટ અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ હોવાની શક્યતા છે. ૨૦૨૪-૨૫ માટે આ વખતે બજેટનું કદ ૩.૩૦ લાખ કરોડ રૂપિયા રહેવાની શક્યતા છે.

આ વખતે રાજ્યના બજેટ કહો કે અંદાજ પત્ર તેમાં સ્વાસ્થ્ય, શિક્ષણ, ખેતી અને માળખાકીય સુવિધાઓ પર ભાર મૂકાઈ શકે છે. લોકસભા ચૂંટણી પૂર્વે આયોજિત આ બજેટ સત્ર ૨૯ ફેબ્રુઆરી સુધી ચાલશે. એક મહિના સુધી ચાલનારા બજેટ સત્ર દરમિયાન કુલ ૨૬ બેઠકો યોજાશે. ગુજરાત સરકાર છેલ્લા ઘણા સમયથી બજેટમાં સતત વધારો કરી રહી છે જેનો સીધો લાભ નાગરિકોને મળી રહ્યો છે.

### વિધાનસભાની આગામી ચૂંટણી પહેલાં બૂલેટ ટ્રેનની ટ્રાયલ

## ૨૦૨૬ સુધીમાં સુરતથી બિલિમોરા બૂલેટ ટ્રેનની ટ્રાયલ શરૂ કરાશે

। ગાંધીનગર, તા.૨ ।

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી અગાઉ બુલેટ ટ્રેનનું ટ્રાયલ શરૂ થઈ જાય તેવી પૂરી સંભાવના છે. ઓગસ્ટ ૨૦૨૬માં સુરતથી બિલીમોરા વચ્ચે બુલેટ ટ્રેનનું ટ્રાયલ શરૂ કરવામાં આવી શકે છે.

બજેટ અંગે માહિતી આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, 'હાલમાં સાબરમતીથી મુંબઈ સુધી ટ્રેકની કામગીરી ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં પણ જમીન સંપાદનની કામગીરી હવે પૂર્ણ થઈ જતા ત્યાં પણ પ્રોજેક્ટ માટે જરૂરી મંજૂરી મળી ગઈ છે. તેની સાથે જ ૨૧ કિલોમીટર લાંબી ટનલ બનાવવાની કામગીરી તેમજ સ્ટેશનોની કામગીરી પણ ઝડપથી કરાઈ રહી છે. હાલમાં ૨૮૦ કિલોમીટર લાંબા ટ્રેકની કામગીરી પૂર્ણ કરી દેવા છે અને દર મહિના ૧૩ થી ૧૪ કિલોમીટરની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. ' આ સાથે તેમણે ઉમેર્યું કે, ૨૦૦૯ થી ૨૦૧૪ વચ્ચે ગુજરાતને સરેરાશ ૫૮૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવતા હતા. પરંતુ હાલની સરકારે આ વખતે ગુજરાત માટે ૮૫૮૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

હાલમાં ગુજરાતમાં ૭૦૧ કિલોમીટર રૂટ પર નવી લાઈન તેમજ ગેજ કન્વર્ઝનની કામગીરી ચાલી રહી છે. ગુજરાતમાં ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી પણ ઝડપથી ચાલી રહી છે અને હાલમાં લગભગ ૯૭ ટકા ટ્રેકનું ઈલેક્ટ્રીફિકેશન કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, સોમનાથ સહિત ૮૭ સ્ટેશનો રિડેવલપ કરવામાં આવશે. જેમાં હાલ સુરત, વડોદરા, સોમનાથ સ્ટેશનના ડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે જ્યારે અમદાવાદ સ્ટેશન પર ઓફિસોની શિફ્ટીંગ ચાલૂ છે અને આગામી દિવસોમાં ડેવલપમેન્ટ કામગીરી શરૂ કરવામાં આવશે.'

### ગુજરાત વિધાનસભામાં ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ

## બજેટ પહેલાં કોંગ્રેસના ગેસ સિલિન્ડરના પોસ્ટર્સ સાથે દેખાવો

। ગાંધીનગર, તા.૨ ।

ગુજરાત વિધાનસભામાં આજે વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કરવામાં આવ્યું. નાણામંત્રી કનુ દેસાઈ થોડીવારમાં જ ગૃહમાં બજેટ રજૂ કરશે. જો કે, બજેટ રજૂ થાય તે પહેલા જ કોંગ્રેસપાર્ટી દ્વારા દેખાવ કરવામાં આવ્યો છે. કોંગ્રેસના નેતાઓ ગેસ સિલિન્ડરના પોસ્ટર પહેરીને વિધાનસભા ગૃહ બહાર પહોંચ્યા છે. આજે નાણામંત્રી ગૃહમાં બજેટ રજૂ કરે તે પહેલા કોંગ્રેસના નેતાઓએ વિધાનસભાની બહાર દેખાવ કર્યો છે. કોંગ્રેસના ૧૫ પૈકીના ૧૩ ધારાસભ્યો વિવિધ સ્લોગન લખેલા બનેર પહેરી વિધાનસભા પહોંચીને દેખાવ કર્યો છે. અમિત ચાવડાની આગેવાનીમાં આ દેખાવ કરવામાં આવ્યો છે. બજેટ પહેલા બેનરો લગાવીને કોંગ્રેસી નેતાઓ વિરોધ માટે વિધાનસભાની બહાર પહોંચ્યા છે. અમિત ચાવડા, ગેનીબેન ઠાકોર સહિતના નેતાઓ તેમની સાથે છે. ગેસ સિલિન્ડરના ભાવ અને મોંઘવારીના મુદ્દે કોંગ્રેસ નેતાઓ વિરોધ કરી રહ્યા છે. ગેનીબેને કહ્યું કે, 'રાજ્ય સરકારનું બજેટ ૪૫૦ રૂપિયે સિલિન્ડર માંગે છે. રાજસ્થાનમાં ૪૫૦ રૂપિયા હોય તો ગુજરાતમાં કેમ નહીં.' આ દરમિયાન કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ અને જીગ્નેશ મેવાણી હાજર નથી, તેઓ બંને કામ હોવાથી અગાઉથી રજા લઈને ગયા છે.

નાણામંત્રી કનુ દેસાઈ વિધાનસભા પહોંચી ગયા છે. તેમણે અહીં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે પીએમ મોદીએ વિકસિત ભારત ૨૦૪૭ નો સંકલ્પ રજૂ કર્યો છે. આ સંકલ્પને અનુરૂપ સીએમ ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠશ વિકસિત ગુજરાત ૨૦૪૭ સુધીનો રોડ મેપ તૈયાર કરી દેવાયો છે. આ રોડમેપના આધારે જ ગરીબ, યુવા, નારી શક્તિ અને ખેડૂતોને ધ્યાનમાં રાખીને જ બજેટમાં જોગવાઈઓ કરી છે. તેમણે સંકેત આપતાં કહ્યું કે આ બજેટ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટી જોગવાઈ ધરાવતું બજેટ હશે.

**વિશેષ**

### કુદરતી અને માનવ સર્જિત આપત્તિ અન્વયે રક્ષણાત્મક પગલાની આપવામાં આવી સમજ

## ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આપત્તિ અન્વયે બચાવની પ્રવૃતિથી માહિતગાર થયા વિદ્યાર્થીઓ





। (માહિતી) ગીર સોમનાથ ।

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગુજરાત સરકાર ગાંધીનગર જિલ્લા ઈમરજન્સી ઓપરેશનસેન્ટરતેમજકલેક્ટરકચેરીગીરસોમનાથ દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાની ૭૮ પ્રાથમિક શાળાઓમાં આપત્તિ દરમિયાન બચાવ પ્રયુક્તિ અન્વયે વિદ્યાર્થીઓમાં યોગ્ય સમજ કેળવાય તેવા હેતુસર વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ તેમજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂકંપ, વીજળી પડવી, પૂર આવવું, શૉક લાગવો, અકસ્માત થવો વગેરે કુદરતી તેમજ માનવસર્જિત દુર્ઘટનાઓમાં સાવચેતી માટે ક્યા ક્યા પ્રકારના પગલા લેવા? આપત્તિ સામે રક્ષણાત્મક પગલા લેવા, આફત પહેલા પૂર્વતૈયારીના ભાગરૂપે શું કરવું? આ તમામ બાબતો વિશે વિદ્યાર્થીઓને વિવિધ વિભાગો દ્વારા સેમિનાર અને નિદર્શન વડે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા ફાયર ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને ડેમોસ્ટ્રેશન તેમજ ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા વિવિધ પ્રાણીજન્ય આપત્તિઓ, વનીકરણ તેમજ ગ્લોબલ વોર્મિંગ ઉપર જાગૃતી કાર્યક્રમ, એઆરટીઓ દ્વારા રોડ સેફટી વિષયક માહિતી, GVK-EMRI દ્વારા ૧૦૮ની વિવિધ સેવાઓ તથા કુદરતી અને માનવ સર્જિત આપત્તિ અન્વયે બચાવ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ અંતર્ગત એજન્સીઓ તેમજ GHCL ફાઉન્ડેશન સુત્રાપાડા, ઈન્ડિયન રેયોન-વેરાવળ, અંબુજા સિમેન્ટ-વડનગર, G.S.P.L. કોડીનાર જેવી પ્રાઈવેટ કંપનીઓ દ્વારા વિવિધ આપત્તિઓ અને તેમના બચાવ અન્વયે લેવાનાં થતાં પગલાઓ અન્વયે પોતાનું યોગદાન આપતા સેમિનાર અને નિદર્શનના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજ્યા હતાં.




ગુજરાત યુનિવર્સિટીમાં એનિમેશન અને ડિઝાઈન કોર્ષમાં ચાલી રહેલ વિવાદના વિરોધમાં એબીવીપી દ્વારા દેખાવો કરાયા હતા અને કુલપતિને રજુઆત કરાઈ હતી.

**ન્યૂઝ બ્રિફ**

## તોરણા પાટીયા પાસે લક્ઝરી બસ પલટી, ૧૩ મુસાફરો ઈજાગ્રસ્ત

। (એજન્સી) ખેડા, તા.૨ ।

ખેડાના કપડવંજ નડિયાદ રોડ પર અકસ્માત સર્જાયો છે. તોરણા પાટીયા પાસે રાજસ્થાનથી સુરત જઈ રહેલી લકઝરી બસ પલટી જતા આ ઘટના બની હતી. બસમાં સવાર ૪૫ મુસાફર પૈકી ૧૩ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવી છે. ત્યારે ખેડાના કપડવંજ નડિયાદ રોડ પર અકસ્માત સર્જાયો છે. તોરણા પાટીયા પાસે રાજસ્થાનથી સુરત જઈ રહેલી લકઝરી બસ પલટી જતા આ ઘટના બની હતી. બસમાં સવાર ૪૫ મુસાફર પૈકી ૧૩ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને કપડવંજ અને કઠલાલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક કપડવંજ પ્રાંત અધિકારી, મામલતદાર, અને પોલીસ અધિકારીઓનો કાફલો દોડી આવ્યો હતો.

## ઉત્તર ગુજરાતમાં બોર્ડર નજીકના વિસ્તારમાં ભૂકંપનો આંચકો આવ્યો

। (એજન્સી) વાવ, તા.૨ ।

કચ્છ બાદ હવે બનાસકાંઠા જિલ્લામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. વાવ વિસ્તારમાં ભૂકંપના આચંકા અનુભવાયા હોવાના સમાચાર સામે આવ્યા છે. વાવ વિસ્તારમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકપનો આંચકો આવ્યો હતો. જેનું કેન્દ્ર બિંદુ વાવ તાલુકાના લોદ્રાણી ગામ પાસે હોવાની વિગતો સામે આવી છે. ઈન્ડો-પાક બોર્ડર નજીકનો વિસ્તાર ધણધણવા લાગતા સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. શુક્રવારે ઉત્તર ગુજરાતમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. બનાસકાંઠા જિલ્લાના વાવ વિસ્તારમાં ભૂકંપનો આંચકો નોંધાયો હતો. વાવ તાલુકાના લોદ્રાણી નજીક એપી સેન્ટર નોંધાયું હોવાના મીડિયા રિપોર્ટસમાં સામે આવ્યુ છે. જે મુજબ શુક્રવારે બપોરે ૧૨.૦૭ કલાકે ભૂકંપનો ઝટકો અનુભવાયો હતો. જેને લઈ સ્થાનિક લોકોમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો. ઈન્ડો-પાક બોર્ડર નજીકના વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવા લોકોમાં ગભરાટનું વાતાવરણ સર્જાયુ હતુ. સરહદી વિસ્તારમાં ધરતીકંપના આંચકાને લઈ લોકોમાં ચિંતા વ્યાપી હતી. રિક્ટર સ્કેલ પર ૩.૫ની તીવ્રતા નોંધાઈ હોવાનું મીડિયા અહેવાલમાં દર્શાવ્યુ છે.

### પ્રતિવર્ષ ત્રણ દિવસ પરિક્રમા મહોત્સવ યોજવામાં આવતો હોય છે

# અંબાજીમાં પાંચ દિવસનો પરિક્રમા મહોત્સવ યોજાશે

### પરિક્રમા દરમિયાન ૫૧ શક્તિપીઠ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિવિધાનથી હવન કરવામાં આવશે

। (એજન્સી) અંબાજી, તા.૨ ।

પવિત્ર યાત્રાધામ શક્તિપીઠ અંબાજીમાં પરિક્રમા મહોત્સવની તૈયારીઓ તડામાર કરવામાં આવી છે. ગબ્બર પરીક્રમમાં ભક્તોની મોટી ભીડ ઉમટતી હોય છે. પ્રતિવર્ષ ત્રણ દિવસ પરિક્રમા મહોત્સવ યોજવામાં આવતો હોય છે. આ વર્ષથી પાંચ દિવસનો પરિક્રમા મહોત્સવ યોજવામાં આવશે. આ માટે તૈયારીઓ પૂરજોશમાં કરવામાં આવી રહી છે.

પરિક્રમા દરમિયાન ૫૧ શક્તિપીઠ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિવિધાનથી હવન કરવામાં આવશે. શક્તિપીઠ અંબાજીમાં આગામી ૧૨ ફેબ્રુઆરીથી ૧૬ ફેબ્રુઆરી સુધી પાંચ દિવસ પરિક્રમા મહોત્સવ ઉજવાશે. દર વર્ષે ત્રણ દિવસનું આયોજન કરવામાં આવતુ હોય છે. આ વર્ષથી પાંચ દિવસનો પરિક્રમા મહોત્સવ ઉજવાશે. પાંચ દિવસનો પર્વ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આ પાંચ દિવસને લઈ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ખાસ તો ગબ્બર પર્વત વિસ્તારના ૫૧ શક્તિપીઠ ના તમામ મંદિરોમાં બ્રાહ્મણો દ્વારા હોમ હવન કરવામાં આવશે. શોભાયાત્રા અને આનંદના ગરબા મંડળ પણ પરિક્રમા મહોત્સવમાં ભાગ લેશે. એસટી બસની પણ આ દરમિયાન વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આી છે. તેમજ વિના મૂલ્યે ભોજન પ્રસાદ મંદિરની ભોજન શાળામાં આપવામાં આવશે.

### કચેરીએ જોવા મળતા રાજકીય વર્તુળોમાં ગણગણાટ

# રાજકોટમાં ભાજપના જુના જોગી ધનસુખ ભંડેરી ફરી સક્રિય થયા

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટ ભાજપના જુના જોગી અને મનપાના ફાયનાન્સ બોર્ડના પૂર્લ ચેરમેન અને પૂર્વ મેયર રહી ચુકેલા ધનસુખ ભંડેરી છેલ્લા કેટલાય સમયથી રાજકીય સન્યાસ લીધો હોય તેમ જિલ્લાની રાજનીતિથી અળગા હતા. જો કે આજે અચાનક તેઓ RMC કચેરીએ જોવા મળ્યા હતા. ત્યારે લોકસભા પહેલા તેમની આ સક્રિયતા જોઈને રાજકીય વર્તુળોમાં ગણગણાટ શરૂ થયો છે. રાજકોટ શહેર ભાજપના સિનીયર આગેવાન મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન અને પૂર્વ મેયર ધનસુખ ભંડેરી ફરી સક્રિય ભુમિકામાં જોવા મળ્યા છે. આજે રાજકોટ મહાનગર પાલિકાની કચેરીમાં ધનસુખ ભંડેરી કોર્પોરેટરોના અભિવાદન કાર્યક્રમમાં સક્રિય ભુમિકામાં જોવા મળ્યા હતા. તાજેતરમાં રાજકોટ મહાનગર પાલિકા ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટૂર્નામેન્ટમાં વિજેતા બની હતી અને આજે તેનો અભિવાદન કાર્યક્રમ હતો જેમાં ધનસુખ ભંડેરીની ઉપસ્થિતિથી સ્થાનિક રાજકારણ ગરમાયું છે. તાજેતરમાં રાજ્યની તમામ મહાનગરપાલિકાઓના ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજવામાં આવ્યો હતો. જેમાં ફાઈનલમાં સુરત સામે રાજકોટ મહાનગરપાલિકાનો ભવ્ય વિજય થયો હતો. આજે રાજકોટ મહાનગરપાલિકાની કચેરી ખાતે વિજેતા ટીમનો અભિવાદન સમારોહ હતો.

### ખોટું ટોલનાકું અને નકલી અધિકારી બાદ હવે મામલતદારના ખોટા સિક્કાનો કીસ્સો

# મામલતદારના બોગસ સહી-સિક્કા બનાવી ૫૦થી વધુને જમીન હુકમો કરાયા

### દરેક લાભાર્થી પાસે અઢી-અઢી લાખ લઈ ૧.૨૫ કરોડનું કૌભાંડ આચર્યાનું ખુલતાં અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યા છે

। (એજન્સી) અમીરગઢ, તા.૨ ।

અમીરગઢ મામલતદારના બનાવટી સહી- સિક્કા બનાવી ૫૦ થી વધુને જમીનના હુકમો આપી દેવાયા હોવાનું સામે આવ્યું છે. દરેક લાભાર્થી પાસે અઢી-અઢી લાખ લઈ ૧.૨૫ કરોડનું કૌભાંડ આચર્યાનું ખુલતાં અમીરગઢ મામલતદારે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાવ્યો છે. જેને લઈને અમીરગઢ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ખોટી સરકારી કચેરી,ખોટું ટોલનાકું અને નકલી અધિકારી બાદ હવે મામલતદારના ખોટા સિક્કા બનાવી જમીનના ડુપ્લીકેટ હુકમ બનાવવાનું કૌભાંડ બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે. અમીરગઢની મામલતદાર કચેરીના બનાવટી સિક્કા બનાવી મામલતદારની નકલી સહી કરી અમીરગઢ તાલુકાના જેથી ગ્રૂપ ગ્રામપંચાયતના ઉમરકોટ ગામની જમીનના ડુપ્લીકેટ હુકમો બનાવી ૫૦થી વધુ લાભાર્થીઓને ફાળવી દીધા હોવાનો સનસનીખેટ ખુલાસો થયો છે.કેટલાક અજાણ્યા ભેજાબાજોએ પ્રત્યેક લાભાર્થી પાસેથી અઢી અઢી લાખ રૂપિયા લઈ સવા કરોડથી વધુનું કૌભાંડ આચર્યું છે હોવાનું સામે આવ્યું છે. એક લાભાર્થીએ મામલતદાર કચેરીમાં જઈને હુકમ થયેલ જમીનનું પંચનામુ કરવા કર્મચારીઓને સ્થળ ઉપર આવવાનું કહેતા ભેજાબાજોની કરતૂતનો ભાંડો ફૂટ્યો હતો. અમીરગઢ તાલુકાના ઉમરકોટ ગામનો સુરેશભાઈ રુપાજી માળી ૨૫ દિવસ પહેલા મામલતદાર કચેરીમાં જઈને જમીન બાબતની અરજીનું પંચનામુ કરવાનું કહ્યું હતું અને તાલુકા પંચાયત દ્વારા ફાળવાયેલ હુકમ બતાવી જે જગ્યાનો હુકમ થયો છે ત્યાં પંચનામુ કરવાનું કહેતા મામલતદારએ હુકમને વાંચતા તાલુકા પંચાયતમાંથી આવો કોઈ હુકમ થયેલો ન હોવાનું જણાવી હુકમ બનાવટી હોવાનું કહ્યું હતું. જેને લઈને હડકંપ મચી ગયો હતો. જોકે ૫૦થી વધુ લોકોને અમીરગઢની તાલુકા પંચાયત કચેરી દ્વારા જમીન ફાળવવાનો હુકમ થયો હોવાનું અને પ્રત્યેક વ્યક્તિ પાસેથી હુકમ દીઠ અઢી અઢી લાખ રૂપિયા લેવામાં આવ્યા હોવાનું સામે આવતા મામલતદારે પોલીસ, બનાસકાંઠા એસપી અને જિલ્લા કલેકટરને લેખિતમાં જાણ કરી હતી જે બાદ જિલ્લા કલેકટરે અમીરગઢ મામલતદારને ફરિયાદ નોંધવાનો આદેશ કર્યો હતો.જેને લઈને અમીરગઢ મામલતદારે અમીરગઢ પોલીસ મથકે સમગ્ર મામલાને લઈને અજાણ્યા ભેજાબજો સામે ફરિયાદ નોંધાવી છે. અમીરગઢ તાલુકાનું ઉમરકોટ ગામ જેથી ગ્રુપ ગ્રામ પંચાયતમાં આવે છે. જ્યાં હાલ સરપંચ પદે કોઈ નથી વહીવટદાર છે.અહીંની સરકારી જગ્યા ઉપર પાછલા કેટલાય વર્ષોથી જુદા જુદા પરિવારો કબજો કરીને ખેતી કરે છે. આ પરિવારોએ વર્ષો અગાઉ કોર્ટમાં જમીનનો માલિકી હક મેળવવા કેસ પણ કર્યા છે.

૨૫ દિવસ પૂર્વે જ્યારે અમીરગઢ મામલતદારના ધ્યાને સમગ્ર બાબત આવી એટલે એમને તરંત પોલીસનું ધ્યાન દોર્યું હતું.પોલીસે સુરેશ માળી પાસેથી પ્રિન્ટ આઉટની પીડીએફ મેળવી કેટલાક ભોગ બનનારના નિવેદન લેવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે. પરંતુ હજુ સુધી ભોગ બનનારાઓએ જેમને અઢી અઢી લાખ રૂપિયા છે તેમના નામ ખુલીને જણાવ્યા નથી.તો બીજી તરફ આ મામલે સુરેશ માળી કશુંજ બોલવા તૈયાર નથી તો જે જમીન ઉપર અન્ય લોકો દબાણ કરીને રહી રહ્યા છે. તેમનું કહેવું છે કે અમે કોઈની જમીન પચાવી પાડી નથી જમીન ઉપર અમારો કાયદેસરનો હક છે અમુક ભૂ-માફિયાઓ દ્વારા અમારી જમીન પચાઈ પાડવા માટેનો આ કારસો છે અમે કોઈને પણ પૈસા આપીને ખોટા કાગળો ઉભા નથી કર્યા, અમારી પાસે જે પણ જમીનને લાગતા કાગળો છે. તે બિલકુલ સાચા જ છે.અમને ખોટી રીતે પરેશાન કરવામાં આવી રહ્યા છે.







## તંત્રની બેદરકારીને કારણે કચ્છનું નાનું રણ સરોવર બની ગયું

। (એજન્સી) કચ્છ, તા.૨ ।

આ સરોવર નહીં કચ્છનું નાનું રણ છે. તમને થશે કે રણમાં પાણી ક્યાંથી હોય? રણમાં તો રેત હોય પરંતુ પાણી ક્યાંથી આવ્યું? તો આની માટે જવાબદાર છે નિંદ્રાધીન વહીવટી તંત્ર. આ તંત્રના પાપનો જ પ્રતાપ છે કે રણમાં લાખો લીટર પાણી વેડફાઈ ગયું છે. અને તેના કારણે મીઠાના અગરિયાઓ પાયમાલ થઈ ગયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં આવેલા ખારાઘોડાના રણમાં નર્મદાનું પાણી છેલ્લા ઘણા સમયથી વહી રહ્યું છે. રુપેણ નદી, પાટડી, બજાણા, ખોડ, અજીતગઢ અને માનગઢ વોકળામાંથી છેલ્લા અઢી મહિનાથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ઝિંઝુવાડા, ખારાગોઢા અને બોડારણમાં પાણી વેડફાયું. ત્યારે ઘુડખર અને વન્ય જીવસૃષ્ટિ પર પણ અસર થઈ રહી છે. છેલ્લા અઢી મહિનાથી કચ્છના નાના રણમાં નર્મદાનું લાખો ક્યુસેક પીવાલાયક પાણીનું બેફામ વેડફાઈ રહ્યું છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨